Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું.] શ્રાવણ. સંવત ૧૯૭૬. વીર સંવત-૨૪૪૬. [અંક ૫ મો.

## મ્હારી ભાવના.

સંસારના સહુ જીવને શાંતિ મળો ભવ તાપથી,
અતિ પુણ્ય કાર્યે પગ ધરો વિરમો દુઃખદ સહુ પાપથી;
અપરાધી કો થાશો નહીં નહીં કષ્ટ આપો કોઇને,
અત્યંત ઉરમાં હર્ષ ધારો બંધુગણને જોઇને. ૧

નહીં કષ્ટ પામો કોઇ પણ સહુ સુખના ભાગી બનો,
વિદ્વેષ ઉરથી પરિહરીને આત્મવત્ સહુને ગણો;
ચાહો નિરંતર ચિત્તમાં સહુ વિશ્વવાસી પ્રાણીને,
રાખો પરસ્પર સ્નેહને બોલો મધુરી વાણીને. ૨

કરૂણા કરો કંગાળ પર ઉપકાર બુદ્ધિ ઉર ધરો,
દુઃખીતણાં દુઃખ દૂર કરવા ચિત્તમાં ચિંતા ધરો;
અપકાર કો કરશો નહીં અપકાર કરતા પર કદા,
કરશો ન ભુંડું કોઇનું કરજો ભલું સહુનું સદા. ૩

માયા મૃષા ત્યાગો સહુ ને ક્રોધ તૃષ્ણા પરિહરો,
ત્યાગો પ્રપંચો સર્વથા નિજ ચિત્તમાં ઋજુતા ધરો;
નહીં વંચના કરશો કદી નહીં ધૂર્ત્તતા કદી આદરો,
વિચરો અતિશય શ્રેષ્ઠ પંથે ઉત્પથોને પરિહરો. ૪

કલ્યાણ ઇચ્છો વિશ્વનું સહુ પ્રાણી પર મમતા ધરો,
સંતાપ સહુના પરિહરી પરમાર્થનાં કાર્યો કરો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજ સ્વાર્થ માટે અન્ય પર નહીં દ્રોહ કિંચિત્ મન ધરો,
ત્યાગો પરસ્પર વૈર ને આધિ અવરની અપહરો. ૫
નિજ કર્મનો ઉચ્છેદ કરવા શુદ્ધ સંયમ આદરો,
નવ બ્રહ્મ ગુપ્તિ આચરો દ્વાદશ પ્રકારે તપ કરો;
અંદર અને બાહિરતણી સઘળી ઉપાધિ પરિહરો,
જડ મૂળથી સહુ કર્મને ઉચ્છેદીને મુક્તિ વરો. ૬
અતિ શુદ્ધ શ્રદ્ધાથી પ્રભુ શ્રી વીરની આણા વહો,
મિથ્યાત્વને વામો સહુ સમ્યક્ત્વની શુદ્ધિ ગ્રહો;
વિષયાંધતા ધારો નહીં દાસત્વ ઇંદ્રિનું તજો,
છોડી અવર જંજાળને શુદ્ધ ભાવથી પ્રભુને ભજો. ૭
ત્યાગો પરસ્પર ક્લેશને ઇર્ષ્યા ન ધારો સર્વથા,
જોઇ અવરનાં કષ્ટને ધારો સદા ઉરમાં વ્યથા;
નિંદા ન કરશો કોઇની નિજ આત્મને નિંદો સદા,
નહીં દોષ દૃષ્ટિ ધારશો રોશે ભરાઇને કદા. ૮
મિથ્યાભિમાની ના બનો ધારો મહત્ત્વાકાંક્ષતા,
દ્વેષાગ્નિથી બળશો નહીં ધારી હૃદયમાં શાંતતા;
રાખી સ્મરણમાં લક્ષ્યબિંદુ મ્હાલજો સત્કાર્યમાં;
આચાર આર્યોના ચરો ભળશો કદી ન અનાર્યમાં. ૯
આગ્રહ ન ખોટો ધારશો સત્યાગ્રહી બનજો સદા,
શ્રીવીરના સિદ્ધાંતને ઉરથી ઉતારો ના કદા;
ભવસિંધુથી તરજો સહુ સિદ્ધિ ગતિને પામજો,
નિશદિન પ્રભુના ચર્ણમાં નિજ શિશને સહુ નામજો. ૧૦

મુનિ કસ્તુરવિજય.

# उपदेशक दोहरा.

સુત વિત્ત સુંદર સંપત્તિ, રંભા જેવી નાર;
અંત સમે આઘાં ખસે, જ્યારે આવે કાળ. ૧.
ગોખ ઝરૂખા બારિયો, મેડી સુંદર માળ;
અંત સમે આઘાં ખસે, જ્યારે આવે કાળ. ૨.
માતાને ભગિની વળી, ભ્રાતા છે બડ ઢાલ;
પણ સાથે નહિ આવશે, જ્યારે આવે કાળ. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આભૂષણુ શોભે અતિ, મોટો જે છે માળ;
પણુ સંગે નહિ આવશે, જ્યારે આવે કાળ. ૪.

કાળચક્ર ફરતું ફરે, શીરપર મોટું સાલ;
તેમાં કો નવ ઉગરે, જ્યારે આવે કાળ. ૫.

તૃષ્ણા રૂપી તારૂણી, જે છે જબરી ઝાળ;
મનની તો મનમાં રહે, જ્યારે આવે કાળ. ૬.

પીપળ ખરતાં પાનને, કુંપળ હસતા બાળ;
અમ વિતી તમ વિતશે, જ્યારે આવે કાળ. ૭.

સિંહુથકી તો સતગણી, સાંધે મોટી ફાળ;
પવન સપાટે પરવરે, જ્યારે આવે કાળ. ૮.

રાજા રંક ફકીર તો, કરતા રહ્યા સંભાળ;
ખલક ખપરમાં ખપી જશે, જ્યારે આવે કાળ. ૯.

રામાને રડતી કરે, રડતાં મૂકે બાળ;
સગા સહોદર ઝુરશે, જ્યારે આવે કાળ. ૧૦.

પંચ વિષયનું સુખ તો, દેણુરૂપ દલાલ;
દલાલ દુઃખ દેખાડશે, જ્યારે આવે કાળ. ૧૧.

વા'લાની વા'લપ જશે, વા'લા તજશે વા'લ;
નૂર દેહનું ઘટી જશે, જ્યારે આવે કાળ. ૧૨.

પંચ ભૂતનું પુતળું, લેશે મૂળ સંભાળ;
પડ્યું રહે સૌ તાહરૂં, જ્યારે આવે કાળ. ૧૩.

સ્નેહ સંબંધો ત્રુટતાં, ઝાંખી થાશે ઝાળ;
દેહ નગર અળખામણું, જ્યારે આવે કાળ. ૧૪.

મોહ મમતને છોડીને, ભજ ભાવે અરિહંત;
સુરઈંદુ નિશ્ચય કહે, એથી શુભ તુજ અંત. ૧૫.

અમીચંદ કરશનજી શેઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સુપાત્રદાનોપરિ

# मेघनाद राजा मदनमंजरी कथा.

( ભાષાંતર કર્ત્તા—પુરૂષોત્તમ જયમલ મહેતા. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૯૧ થી. )

પિતાપુત્રના સમાગમ પછી કુમારનો નગરમાં ઘણા ઠાઠમાઠ સહિત પ્રવેશ મહોત્સવ થવાની તૈયારી થતી હતી, તેવામાં સર્વ પૌરવર્ગને પોતપોતાના કુટુંબ પરિવાર સહિત નગર બહારની ઉદ્યાન ભૂમિકા તરફ જતા જોઈ કુમારે પોતાના પિતાને પૂછયું કે–' પિતાજી ! આ સર્વે નગરવાસી જનો નગરની બહાર શું કામ માટે જાય છે ?' તેના પિતાએ કહ્યું કે:—' પુત્ર ! આજે આપણા ઉદ્યાનમાં **ધર્મઘોષ** નામના જ્ઞાની જૈન મુનિ પધાર્યા છે. તેઓશ્રીને વંદન કરવા તેમજ તેઓશ્રીના મુખની સદ્દેશના શ્રવણ કરવાને આ સર્વે લોકો જાય છે. હું પણ આજે સવધૂક તારો પ્રવેશ મહોત્સવ કરી કાલે અથવા પરમ દિવસે તેઓશ્રીને વંદન કરવા માટે સપરિવાર જવાનો છું. તે સમયે તું પણ મ્હારી સાથે આવજે.' પિતાજીના મુખથી જ્ઞાની મુનિનું પોતાના ઉદ્યાનમાં પધારવું થવાની હકીકત જાણી કુમારે ઘણોજ આનંદોલ્લાસ ઉદ્દભવ્યો. તેણે પિતાને કહ્યું કે–' પિતાજી ! દુધમાં સાકર ભળે તેમ મારા પ્રવેશ મહોત્સવમાં આ બીજો મહોત્સવ આવ્યો હોવાથી મારે નગર પ્રવેશોત્સવના દિવસેજ પ્રથમ મુનિવંદન કરવું તે અતિ શ્રેષ્ઠ છે. માટે હમણાજ આપણે વિલંબ વિના તેઓશ્રીને વંદન કરવા જઇએ; કારણ કે ' **धर्मस्य त्वरिता गतिः** ' ધાર્મિક કાર્ય જેમ બને તેમ જલ્દીથી કરવું જોઇએ. એવા કાર્યમાં વિલંબ કરવાથી કિંચિત્ માત્ર ફળ પ્રાપ્ત થતું નથી. કહ્યું છે કે:—

धर्मारम्भे ऋणच्छेदे, कन्यादाने धनागमे ।
शत्रुपाताग्निरोगेषु, कालक्षेपं न कारयेत् ॥

તાત્પર્ય—ધર્મકાર્યમાં, દેવું આપવામાં, કન્યાદાનમાં, ધનના આગમનમાં, શત્રુ સાથેની લડાઇમાં, અગ્નિના ઉપદ્રવમાં તેમજ રોગના નિવારણમાં જરા માત્ર પણ વિલંબ ન કરવો. પુત્રના આવા પ્રશંસાપાત્ર ધાર્મિક સદ્વિચારો જાણી તેના પિતા પણ અધિક હર્ષ પામ્યા, અને સપરિવાર મેઘનાદકુમાર તથા તેના પિતા લક્ષ્મીપતિ ધર્મઘોષ મુનિ પાસે **નૃપોચિત પંચાભિગમ** સાચવવા પૂર્વક ગયા. તેઓશ્રીને વંદન કરીને તેઓની સુધામય દેશના સાંભળવા તેઓ બેઠા. મુનિશ્રીએ નીચે પ્રમાણેની દેશના આપી:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશના—સન્તોષમાંજ સુખ, ઇન્દ્રિયજય, ચિત્તની શાંતતા, દીનજનો પર કરૂણાભાવ, સત્ય રૂપ અમૃતને ઝરનાર વાણી, શૌર્યતા, ધૈર્યતા, દુષ્ટ પુરૂષની સાથેની સોબતનું વર્જન, સજ્જનોની સંગતિ આ સર્વે પરિણામે અત્યન્ત સુંદર વિવેકના અંકુરાઓ છે. ધન ઉપરની અભિલાષા ( અત્યાશક્તિ ) જો દૂર કરવામાં આવે તો સંપત્તિઓ નજીકજ આવે છે. જેમ આંગળીથી કાન ઢાંકવામાં આવે તો તેથી શબ્દયુક્ત નાદ થતો હોય તેમ જણાય છે, એક માંસના કકડાની ઇચ્છાથી કુતરાઓ જેમ પરસ્પર લડી મરે છે તેમ ધન ગ્રહણ કરવાની ઇચ્છાથી ભાઈઓ પણ પરસ્પર લડે છે. જેઓ નિરંતર અન્યાય માર્ગથીજ પરધન ગ્રહણમાં દુષ્ટ ધ્યાન ધારણ કરનારા હોય છે, તેઓને પણ જીંદગી, યૌવન કે વૈભવ શાશ્વત રહેતા નથી. પૈસો મેળવવામાં દુ:ખ છે. મેળવેલનું રક્ષણ કરવામાં દુ:ખ છે. આવક અથવા જાવકમાં પણ દુ:ખ છે, માટે કષ્ટથી મેળવેલ ધનને ધિક્કાર છે.

આ વિષયને લગતુંજ એક દ્રષ્ટાન્ત હે ભવ્યો ! તમે સાંભળો.

વસન્તપુર નગરમાં ચાર મિત્રો વસતા હતા. તે પૈકી એક રાજાનો, એક મંત્રીનો, એક ધનાઢ્ય શ્રેષ્ઠિનો, અને એક નગરરક્ષક ( કોટવાળ ) નો પુત્ર હતો. એ ચારે મિત્રોએ વિદ્યાભ્યાસ પણ સાથેજ એક ઉપાધ્યાય પાસે કર્યો હતો, અને બાલ્યાવસ્થાથી તેઓ પરસ્પર ગાઢ પ્રીતિ ધરાવતા હતા. અનુક્રમે વિદ્યાભ્યાસમાં કુશળતા મેળવી તારૂણ્યાવસ્થામાં પોતાના નશીબની પરીક્ષા કરવા માટે તથા અનેક ભિન્ન ભિન્ન દેશોમાં રહેલા કૌતુકના અવલોકનાર્થે ચારે મિત્રોએ તે નગરમાંથી દેશાંતર જવા પ્રયાણ કર્યું. ચાર મિત્રોમાંથી પ્રથમ રાજાના પુત્રને બીજા ત્રણ મિત્રોએ કહ્યું કે–'હે સ્વામિન ! અમો આપના આજ્ઞાધારી સેવકો છીએ, માટે અમારી કળા તથા બુદ્ધિ કૌશલ્યતાથી ધન ઉપાર્જન કરી તારા પ્રમાણે ભોજન માટેની સામગ્રીનો બંદોબસ્ત કરીશું. તમારે તે સંબંધી કાંઇ પણ ચિંતા કરવી નહિ. કારણ કે આપ ઉંચ કુળના હોઇ આપને તેવી પ્રવૃત્તિ કરવી ઉચિત નથી.' આ પ્રમાણે પરામર્શ કરી તેઓ પહેલા દિવસે કોઇ એક ગામમાં સાંજના વખતે ગયા. તે નગરમાં એ સમયે એક મોટી ચોરોની ધાડ આવતી હતી તે નગરજનોને ઘણી હેરાન કરતી હતી. તેથી ચોથા કોટવાળના પુત્રે તેઓના ઉપર બાણોનો વરસાદ વરસાવી ચોરોને નસાડી મૂક્યા. ઉપદ્રવ નાશ પામવાથી નગરના સમસ્ત જનો એ ચારે મિત્રોપર અતીવ પ્રસન્ન થયા અને તેઓને ગૌરવ સહિત ઉત્તમ મિષ્ટ પદાર્થો યુક્ત ભોજન તેઓએ કરાવ્યું. ત્યારબાદ તેઓ આગળના નગરમાં ગયા. ત્યાં શેઠનો પુત્ર નગરમાં ગયો, અને પોતાની એક વીંટી વેચી બજારમાં જઇ કરીઆણા ખરીદ કરી તરતજ સારા ભાવથી વેચી નાંખ્યા. એ વેપારમાં તેને પાંચસો સોનામહોરોનો લાભ થયો. એ દ્રવ્યથી તે મિત્રોને તેણે ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે ભોજન કરાવ્યું. ત્રીજે દિવસે મંત્રિપુત્રનો ભોજન કરાવવાનો અવસર પ્રાપ્ત થયો, ત્યારે તે મિત્રો ત્યાંથી એક ત્રીજા નગરમાં ગયા હતા. ત્યાં એક પડહ વાગતો સાંભળી મંત્રીપુત્રે તે નગરના કોઇ એક માણસને પૂછયું કે 'આ શામાટે વાગે છે? નગરજને જવાબમાં જણાવ્યું કે–'આ નગરમાં કોઇ એક ધૂર્ત પુરૂષ આવ્યો છે, તેણે અહીંના એક ઉત્તમ વ્યવહારીઆને જઇને કહ્યું કે મેં તમારી પાસે એક લાખ સોના-મહોરો થાપણ તરીકે રાખી છે તે આપો.' ધૂર્તનું આવું કુટતાયુકત બોલવું સાંભળી વ્યવહારીઓ તો બિચારો વિસ્મય સાથે વિચારમાં પડી ગયો કે આ કોઇ મહા ઠગ જણાય છે. પછી તેણે વિચારીને કહ્યું કે એ વાતમાં સાક્ષી કોણ છે? ધૂર્તે પણ મહા ચતુર હોવાથી ધૂર્ત વિદ્યાનો પ્રયોગ ચલાવવા માંડ્યો અને જણાવ્યું કે 'શેઠજી! એમાં વળી બીજો કોણ સાક્ષી હોઈ શકે? આપણે જે જે કાર્યો કરીએ છીએ તે દરેકમાં ફક્ત એક પરમેશ્વરજ સાક્ષીરૂપ હોય છે.' આ પ્રમાણે વાદ કરતાં કરતાં તેઓ બન્ને એ સવાલનું નિરાકરણ કરાવવા રાજસભામાં રાજા પાસે ગયા. રાજા તદ્દન મૂર્ખશિરોમણી હોવાથી તેણે મંત્રીઓને આ કામનો નિકાલ લાવવાને સોંપ્યું. મંત્રીઓ પણ કેવલ નિરક્ષરી અને મિથ્યા પંડિતમન્યનો ડોળ કરનારા હતા, તેથી તેઓને પણ આ તકરારમાં બરોબર સ્વરૂપ સમજાયું નહિં અને આ વાતાને ન્યાય કેવી રીતે કરવો તેની મુંઝવણમાં પડી ગયા. આમ થવાથી રાજા નગરમાં પડહ વગડાવે છે કે 'જે કોઇ પુરૂષ આ તકરારનો બરોબર ન્યાય આપશે તેને મારા સર્વે મંત્રીઓ મળીને એક લાખ સોનામહોર ઇનામ તરીકે આપશે.' આ પ્રમાણેની વાત સાંભળી મંત્રીપુત્રે પડહ લીધો અને તુરત રાજસભામાં ગયો. પછી ધૂર્તને બોલાવીને કહ્યું કે 'કેમ ભાઇ! તમે મને ઓળખો છો કે? તમારી પાસે મારી ચાર લાખ સોનામહોરો થાપણ તરીકે છે તે હવે મને આપો. આ વાતમાં પણ પરમેશ્વરજ સાક્ષી છે.' આ સાંભળી ધૂર્ત તો વિલખોજ પડી ગયો, કાંઇ પણ જવાબ આપી શકયો નહિ. ત્યારે રાજાના હુકમથી તેને બહાર કઢાવ્યો. બધા મંત્રીઓએ મળીને લાખ સોનામહોરો મંત્રીપુત્રને ઇનામ આપી. તે લઇને મંત્રીપુત્રે સર્વ મિત્રોને ઉત્તમ ભોજન કરાવ્યું. ત્યાંથી ચારેજણા આગળ ચાલતા એક મહાન્ અટવી ઓળંગી કોઇક ગામની નજીક એક વડ વૃક્ષ નીચે આવ્યા. સાંજ પડવાથી ને થાક લાગવાથી ત્યાંજ સુઇ ગયા. રાત્રિના પ્રથમ પ્રહરે રાજપુત્રને જાગવાનો વારો હતો, ત્રણ મિત્રો ભર નિદ્રામાં હતા એવામાં એકદમ આકાશમાંથી અદ્રષ્ટ રીતે 'પડું' એવા વારંવાર શબ્દો થવા લાગ્યા, ત્યારે રાજપુત્રે કહ્યું કે–'તારી ઇચ્છા હોય તો પડ.' ફરી પણ અદ્રષ્ટ વાણી થઇ કે જો હું પડીશ તો તેમાં લાભ પણ ઘણો છે અને અનર્થ પણ ઘણો છે.' ત્યારે રાજપુત્રે કહ્યું કે 'લાભ છતાં પણ જો અનર્થ હોય તો અમૃતથી મરણ થવા જેવું કહેવાય, માટે તેનું કાંઇ કામ નથી.' ત્યારબાદ આકાશમાંથી એક સુવર્ણપુરૂષ પડ્યો. સુવર્ણપુરૂષનાં દર્શનથી રાજપુત્ર અતીવ હર્ષ પામ્યો અને કો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇક ગુપ્ત સ્થળે તેને સંતાડી રાખ્યો. આવી રીતે ત્રણે મિત્રોને પોતપોતાના પ્રહરમાં એકેક સુવર્ણપુરૂષની પ્રાપ્તિ થઇ. આ વાત ચારે જણાએ ગુપ્ત રાખી. રાજપુત્ર તથા કોટવાળ પુત્ર એ બન્ને પાસે શસ્ત્રબળ હોવાથી તેઓએ માંહોમાંહે છુપી રીતે સંકેત કર્યો કે "આપણને સુવર્ણપુરૂષની પ્રાપ્તિ આપણા ભાગ્યોદયથી થઇ છે તેમજ આપણે અતિ બળવાન છીએ માટે આ બીજા બે મિત્રોનો તેમાંથી ભાગ આપવો નહિ."

એવો જ વિચાર વણિકપુત્ર તથા મંત્રીપુત્રે પણ પરસ્પર મળી જઇને કર્યો. આગળ ચાલતાં એક ગામના નજીક ભાગમાં આવ્યા. આ સ્થળે ચારે જણાએ મુકામ કર્યો અને રાજપુત્ર તથા કોટવાળ પુત્રે મિથઃ સંકેત કર્યો કે-' આપણે આ બે જણને ગામમાં ભોજન સામગ્રી લેવા મોકલીએ અને એક ઝાડના ઓથે સંતાઇ રહી તેઓ લઇને આવે કે તુરત ખડ્ગપ્રહારથી તે બન્નેને મારી નાંખીએ. પછી સુવર્ણપુરૂષ લઇને યથેચ્છપણે આપણા ગામમાં જઇશું. ત્યાં તેમના માતપિતા વિગેરેને જેમ તેમ પ્રત્યુત્તર આપી સમજાવી દઇશું.' આવી ગુપ્ત મંત્રણા કરી તે બન્નેને ભોજન સામગ્રી લેવા મોકલ્યા.

પ્રત્યેક મનુષ્યને સ્વકીય કર્માનુસાર સદસદ્‌વિચાર શ્રેણી ઉદ્‌ભવે છે. માણસ મનમાં ચિંતવે છે કાંઇ અને બને છે કાંઇ. તેમજ ધનરાશી જોઇને મોટા મોટા મુનિઓના ચિત્ત પણ ચકડોળે ચઢે છે. ભાઇભાઇની વચ્ચે પુત્ર પિતા વચ્ચે ક્લેશ થાય છે, તો પછી ગમે તેવી ગાઢ પણ સ્વાર્થી પ્રીતિ ધારણ કરનાર બે મિત્રો વચ્ચે ક્લેશ ઉદ્‌ભવે તેમાં શું આશ્ચર્ય? માટે જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે એવો સ્વાર્થી પ્રેમ કરતાં વિશુદ્ધ ધર્મપ્રેમ મહાન્ બળવાન્ ગણાય છે. વળી દરેક માણસને મતિ પણ કર્તવ્યાનુસાર ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે '**बुद्धिः कर्मानुसारिणी**' અહીં એવો પ્રસંગ બન્યો કે ભોજન લેવા જનાર બે મિત્રોએ પણ પરસ્પર ગુપ્ત મંત્રણા કરી કે-' આપણી પાસે સુવર્ણપુરૂષ જોઇને આ બન્ને ક્ષત્રીઓ હોવાથી પોતાના બાહુબળથી ઝુંટવી લેશે; માટે આપણે ભોજનમાંજ વિષ નાંખીએ કે જેથી આપણે સુરક્ષિતપણે એના માલીક થઇ યથેચ્છ મોજમજા માણીએ.' આવો વિચાર કરી ગામમાં જઇ ભોજન સામગ્રી ખરીદી અંદર વિષ ભેળવી જેવા સ્વસ્થાને આવ્યા, તેટલામાંજ પ્રથમ કરી રાખેલ સંકેતાનુસાર રાજપુત્ર તથા કોટવાળ પુત્રે તે બન્નેને ખડ્ગપ્રહારથી મારી નાંખ્યા. પછી તેઓએ આનંદોલ્લાસ પૂર્વક ભોજન કર્યું. વિષમિશ્રિત ભોજન ખાવાથી તે બન્ને પણ મૂર્છિત થઇ પૃથ્વી પર ઢળી પડ્યા અને મરણ પામ્યા. આ અવસરે બે ચારણશ્રમણો શ્રી નંદીશ્વર દ્વીપની યાત્રા કરી પાછા વળતાં તે સ્થળે આવ્યા. ત્યાં શિષ્યોએ ગુરૂને પૂછ્યું કે 'હે ભગવન્! આ ચાર જણમાંથી બેનું શસ્ત્રદ્વારા મૃત્યુ થયું છે અને બે વિષાન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોજનથી મરણ પામ્યા છે, તો આ ચારેનું આવી રીતે કયા કારણથી મરણ થયું તે કૃપા કરીને કહો.' ગુરૂએ કહ્યું કે-'હે વત્સ ! આ ચારે જણના મૃત્યુ સંબંધી વૃત્તાંત સાંભળઃ—

સુગ્રામ નામના ગામમાં ચાર ક્ષત્રિય પુરૂષો વસતા હતા. તેઓ તે ગામના રાજાના સેવક હતા. એક વખતે રાજાએ નજીકના એક ગામને બાળી નાખવાનો ચારે ક્ષત્રિયોને હુકમ કર્યો. રાજાની આવી નિર્દય આજ્ઞા સાંભળી એ કાર્ય કરવામાં ચારે જણાએ ઘણી આનાકાની કરી, તથાપિ સ્વાભાવિક રીતે એવો નિયમ છે કે જેના આશ્રિત થઈને રહ્યા હોઈએ તેનું કાર્ય આજ્ઞા પ્રમાણે કરવું જોઇએ. આમ હોવા છતાં તેઓએ પોતાના મનમાં વિચાર કર્યો કે 'જો આ મનુષ્ય, સ્ત્રી, બાળક, પશુ આદિ પ્રાણીસમૂહથી નિરંતર કલરવ થઇ રહેતા ગામને બાળી નાંખવારૂપ ક્રૂર અને અમાનુષી કૃત્ય આપણે કરીશું તો આપણને કોઇ ભવમાં છુટી ન શકે તેવું મ્હોટું પાપ લાગશે. જેઓ કેવળ પોતાના ઉદરપૂર્ણતા રૂપ સ્વાર્થને માટે આવાં ઘોર પાપો કરી પોતાનું જીવન કુતરાની પેઠે પૂર્ણ કરે છે તેઓ ખરેખર પોતાના આત્માને મહા અંધકારમય નરકના ખાડામાં નાંખે છે અને ત્યાં કરોડો વર્ષ પર્યંત તીવ્ર વેદના સહન કરે છે, માટે આપણા જેવા અધમ સેવકોને ધિક્કાર થાઓ. આવું નિર્દય કાર્ય આપણે કરવું ઉચિત નથી.' એમ માંહોમાંહે વિચાર કરી ગામના સીમાડામાં એક ખેતરની અંદર રહેલ એક ઘાસની ગંજી સળગાવી રાજા પાસે પુનઃ ન જતાં અન્યસ્થળે ચાલ્યા ગયા. બન્યું એવું કે તે ઘાસની ગંજીમાં એક ખેડુત ચોરની ધાડના ભયથી પેઠો હતો, તે પણ તેની સાથે બળી ગયો અને મરણ પામીને જંગલમાં વડવૃક્ષ ઉપર વ્યંતરદેવ તરીકે ઉત્પન્ન થયો. ચાર ક્ષત્રિયો પણ મરણ પામીને દયાર્દ્ર પરિણામથકી રાજા, મંત્રી, કોટવાળ અને શેઠને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયા. વ્યંતરદેવ કે જે વડવૃક્ષ પર ઉત્પન્ન થયો હતો, તે પોતાના પૂર્વ ભવના વૈરી ચારે જણને પોતાને ઠેકાણે આવ્યા જાણીને બધાને હણવા માટે સુવર્ણપુરૂષ થઇને પડ્યો અને ચારેના ચિત્તમાં લોભબુદ્ધિ જાગૃત કરી; તેથી ચાર પૈકી બે શસ્ત્રદ્વારા મરણ પામ્યા અને બેનું વિષયુક્ત ભોજનથી મરણ થયું. વ્યંતર દેવે એ પ્રમાણેની માયા રચી પોતાના પૂર્વ ભવના વૈરનો બદલો લીધો." આ પ્રમાણે ચારણ–શ્રમણમુનિ પોતાના શિષ્યની શંકાનું યથાયોગ્ય સમાધાન કરી ત્યાંથી આગળ ગયા.

આવી રીતે લોભાંધ પ્રાણીઓ સંતોષ રહીત સંસારનાં તીવ્ર દુઃખો સહન કરે છે. જો કોઇની સાથે આ ભવમાં કિંચિન્માત્ર શત્રુતા થઇ હોય તો તે બીજા જન્મમાં પણ અવશ્ય ઉદય આવે છે અને ઘોર દુઃખો ભોગવવા પડે છે. કહ્યું છે કેઃ—

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटीशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારૂં કે નરસું જેવું કર્મ કર્યું હોય તે અવશ્ય ભોગવ્યા વિના કરેલ કર્મનો ક્ષય થતો નથી. એ કારણથી જીવહિંસાનો ત્યાગ કરવો, અસત્ય ભાષણ કદાપિ કરવું નહિ, કોઇએ ન આપેલી વસ્તુ લેવી નહિ, પરસ્ત્રી સેવનની ઇચ્છા કરવી નહિ અને પરિગ્રહનું પ્રમાણ ધારણ કરવું." આ પ્રમાણેનો ગુરૂશ્રીએ કહેલ અમૃતમય ઉપદેશ શ્રવણ કરી મેઘનાદે કહ્યું કે–" હે ભગવન્ ! જ્યારે રાજાના હુકમને વશ થઇ અજાણતાં ફક્ત એકજ પુરૂષનો નાશ કરવાથી ચારે ક્ષત્રિયોને ભવાંતરમાં પણ આવો દુરંત વિપાક ભોગવવો પડ્યો, તો પછી જાણતાં છતાં અનેક જીવોનો નાશ કરનાર એવી મારી શું ગતિ થશે ? અરે ! મને તો નરકમાં પણ સ્થાન મળશે નહિં. માટે આપ ગુરૂવર્ય મને એવો કોઇ ઉપાય બતાવો કે જેથી હું સંસારનાં દુઃખોથી મુક્ત થાઉં." મેઘનાદ કુમારની આવી પશ્ચાત્તાપ યુક્ત અને ગદગદિત વાણી સાંભળી ગુરૂએ આશ્વાસન દેતાં કહ્યું કે–' હે કુમાર ! યદ્યપિ તમોએ કહ્યું તે બધું સાચું છે, તો પણ જો ઇંદ્રિયોનું બરોબર દમન કરી, મનને કાબુમાં રાખી, છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારના તપનું સેવન કરવામાં આવે તો ગમે તેવા કર્મનો પણ નાશ થાય છે. કહ્યું છે કે:—

यद्दूरं यद्दुराराध्यं, यच्च दूरे व्यवस्थितं ।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमः ॥

'જે વસ્તુ અત્યંત દૂર હોય, મુશ્કેલીથી મળી શકે તેમ હોય, અને જે વસ્તુ બહુ દૂર વ્યવસ્થિત હોય તે સર્વ તપશ્ચર્યાના પ્રભાવથી સિદ્ધ થઇ શકે છે. તપના પ્રભાવનું કોઇ અતિક્રમણ કરી શકતું નથી.' ગુરૂરાજનો આવો ઉપદેશ સાંભળી મેઘનાદ કુમારે કર્મવિપાકથી ડરીને ગુરૂની પાસે વ્રત ગ્રહણ કરવા યાચના કરી. ત્યારે ગુરૂએ કહ્યું કે 'હે વત્સ ! હજી તારે પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલાં નિકાચિત ભોગફળવાળાં કર્મો વિદ્યમાન હોવાથી હમણાં ચારિત્ર ગ્રહણ કરવાની યોગ્યતા તારામાં નથી. નિકાચીત ભોગો ભોગવ્યા સિવાય કર્મથી મુક્તિ થતી નથી. એક લાખ વર્ષ પછી તારી દીક્ષાની યોગ્યતા થશે ત્યાં સુધી સમ્યક્ત્વ મૂળ બાર વ્રતરૂપ શ્રાવક ધર્મનું સમ્યગ્ રીતે આરાધન કર.' ગુરૂરાજનું વચન કુમારે શિરસાવંદ્ય કરી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. ત્યારબાદ કુમારનો નગરમાં પ્રવેશ કરવાનો મોટો ઉત્સવ થયો. તેના પિતાએ રાજ્યાભિષેક કરી ગુરૂ સમીપે દીક્ષા ગ્રહણ કરી.

હવે મેઘનાદ રાજા પણ પોતાને પ્રાપ્ત થયેલ કચ્ચોલક રત્નના પ્રભાવથી મન ઇચ્છિત ધન, ધાન્ય, મણિ, સુવર્ણ, મોતી વિગેરે વસ્તુઓ ઉત્પન્ન કરી મનુષ્યભવમાં પણ દેવતાના જેવા સુખો પૂર્વ પુણ્યોદયથી ભોગવતા હતા અને દરરોજ સવારમાં યાચકજનોને દશક્રોડ સુવર્ણનું દાન આપતા હતા. તેણે હજારો નવા જિન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાસાદો કરાવ્યા, અને તે દરેક ચૈત્યોમાં પ્રતિમાઓ પ્રતિષ્ઠાપૂર્વક સ્થાપન કરી. દર વર્ષે તીર્થયાત્રા કરી, તથા શ્રી સંઘ સાથે રથયાત્રા મહોત્સવ તથા જિનચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ વિગેરે વિધિ પૂર્વક કર્યા. પોતાના સર્વ સ્વધર્મી બન્ધુઓને કર વિગેરેથી મુક્ત કરી દરેકને કોટ્યાધીશો બનાવ્યા. સવારે અને સાંજે બન્ને સમયે ધાર્મિક આવશ્યક ક્રિયા રૂપ પ્રતિક્રમણ, ત્રણે કાળ જિનપૂજન, સ્વધર્મી બંધુઓનું વાત્સલ્ય વિગેરે અનેક પ્રકારના ધાર્મિક કર્ત્તવ્યો ચિત્તના ઉલ્લાસપૂર્વક કરતાં તે રાજા કાળ વ્યતીત કરવા લાગ્યો. તે રાજા પર્વ દિવસોએ ત્રણ હજાર રાજાઓ સાથે પૌષધવ્રત યથાર્થ વિધિપૂર્વક કરતો હતો અને પારણે તે સર્વ રાજાઓને ભોજન કરાવતો હતો. એ પ્રમાણે દિવસે દિવસે તેનું રાજ્ય ઘણું વૃદ્ધિ પામતું ગયું. તેની રાજ્યસંપત્તિ પણ અતુલ હતી. તેની સેવામાં નિરંતર હજારો રાજાઓ રહેતા હતા. તેના તાબામાં પચાસ ક્રોડ ગામો, બત્રીશ હજાર નગરો, વીશ લાખ અશ્વ, વીશ લાખ રથ, ચોરાશી ક્રોડ પાળાઓ વિગેરે મહાન સમૃદ્ધિ હતી. એમ અનેક પ્રકારના સુખપૂર્વક વિલાસો ભોગવતાં તે રાજાને એક લાખ વર્ષ વ્યતીત થયાં. એક દિવસ શ્રીપાર્શ્વનાથ પ્રભુના જ્ઞાની શિષ્ય તે નગરમાં પધાર્યા. વનપાળકે વધામણી આપી, એક ક્રોડ સોનૈયાનું દાન આપી તેને અતીવ સંતુષ્ટ કર્યો અને પોતાના સર્વ પરિવાર સહિત ગુરૂના વન્દનાર્થે તે ગયો. ગુરૂએ સુમધુર દેશના આપી. દેશના શ્રવણ કરી રહ્યા બાદ ગુરૂરાજને રાજાએ પૂછ્યું કે-'હે ભગવન્! મેં પૂર્વભવમાં એવું શું પુણ્ય કર્યું હતું કે જેના પ્રભાવથી મને કલ્પવૃક્ષની જેમ આવી સમૃદ્ધિ, કચ્ચોલક રત્ન તથા આટલું મ્હોટું રાજ્ય મળ્યું, તે કૃપા કરીને કહો.' ગુરૂએ કહ્યું કે-'હે રાજન્! ત્હારા પૂર્વ ભવનો સંબંધ સાંભળ:—

## મેઘનાદરાજાના પૂર્વ ભવની કથા.

શ્રીસૂર્યપુર નામના નગરમાં એક દરિદ્ર વણિક રહેતો હતો. તે તેલ વેચવાનો ધંધો કરતો હતો. ધનસંચય કરવા માટે હમેશાં એકજ જાડું વસ્ત્ર પહેરતો અને તે વસ્ત્ર પાંચ વર્ષ સુધી ચલાવતો; તેમજ ભોજન સમયે પણ તેલથી ભીંજાયેલ વસ્ત્ર ઉતાર્યા સિવાય ભોજન કરવા બેસતો. તેને દેવ, ગુરૂ કે ધર્મની જરા પણ ઓળખાણ નહોતી. પર્વ દિવસોને કોઈ દિવસ તેણે સંભાર્યા નહોતા. પોતાના કુટુંબસમૂહ સાથે પણ કદાપિ મળતાપણું હતું નહિ. દેવમંદિર કયે સ્થળે છે તે પણ કદિ જોયું ન હતું. માત્ર ધન ઉપાર્જન કરવાની ચિંતામાંજ તત્પર થઇને દૈવયોગથી એક લાખ સોનામહોરો વેપારમાં તેણે મેળવી હતી. તેને એક પુત્ર ઉત્પન્ન થયો. તે પણ પોતાની સરખો સ્વભાવવાળો હોવાથી આ પુત્ર પણ મ્હારી જેમ વર્તન કરશે એવા વિચારથી તે હર્ષ પામ્યો. હવે જ્યારે તે લોભીષ્ટ વણિક મરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પથારીએ પડ્યો ત્યારે નજીક મરણ સમય જાણી પોતાના પુત્રને પાસે બોલાવીને સ્વપ્રકૃત્યનુસાર શિખામણ આપી કે–'હે પુત્ર! તું પણ મ્હારી જેમ આ મારી ઉપાર્જન કરેલ લાખ સોનામહોરો વાપરી ન નાખતાં તેને વધારાની મુડી તરીકે રાખી તારા પોતાથી કમાયલા ધનથી આજીવિકા ચલાવજે.' એ પ્રમાણેનો ઉપદેશ આપી તે મરણ પામ્યો. તેના પુત્રે પણ પિતાની જેમ લાખ સોનામહોરો ઉપાર્જન કરીને અંત સમયે તેના પુત્રને પણ એવીજ શિખામણ આપી. તેણે પણ એક લાખ સોનામહોરો એકઠી કરી એટલે કે એકંદર ત્રણ લાખ સોનામહોરો મુડી તરીકે થઇ. તેણે પણ મરણ સમયે પોતાના ધનરાજ નામના પુત્રને એવીજ રીતે લોભપૂર્વક આજીવિકા ચલાવવાનો ઉપદેશ આપ્યો અને મરણ પામ્યો. ધનરાજ તો પોતાના બધા પૂર્વજો કરતાં ચડીયાતો લોભીષ્ટ પ્રકૃતિમાન્ થયો. તે ધનરાજને એક સુશીલા ઉદાર તેમજ ધર્મિષ્ઠ ધન્યા નામની પત્ની હતી. એક વખત બરોબર અવસર જોઇને અત્યંત ચતુર ધન્યાએ પોતાના પતિને કહ્યું કે–'તમે લોભીષ્ઠપણાથી નિરંતર ભાર વહન કરતાં છતાં દિવસ કે રાત્રિ પણ જાણતા નથી. આપણા ઘરમાં આપણા પૂર્વજોએ એકઠું કરેલ ઘણું ધન છે તેમજ તમે પણ ઘણું ધન એકત્ર કર્યું છે, તો શામાટે આટલું બધું દુઃખ સહન કરો છો? તે ધનને ભોગવતા નથી, તેમ કોઇ સારા પુણ્ય કામમાં વાપરતા પણ નથી. તમારા પૂર્વજો અત્યંત તૃષ્ણાપૂર્વક ધન ઉપાર્જન કરી ચાલ્યા ગયા, તેઓએ કયા ધર્મમાર્ગમાં દ્રવ્ય વાપરી પુણ્ય પ્રાપ્ત કર્યું? તમે પણ તેમના માર્ગનેજ અનુસરો છો, માટે તમારા આ અધમ મનુષ્યજીવનને તેમજ તમારી આટલી સમૃદ્ધિને પણ ધિક્કાર થાઓ! આજે તમારા મુખ પર આટલી બધી ખિન્નતા કેમ વ્યાપી ગઇ છે તેમજ મોટા શ્વાસોશ્વાસ કેમ ખેંચો છો? શું કાંઇ દ્રવ્ય ચોરાઇ ગયું છે અથવા તો વેપારમાં કાંઇ હાનિ થઇ છે?' પ્રિયાનાં આવાં ઉપાલંભયુક્ત વચનો સાંભળી ધનરાજે કહ્યું–'રે મુગ્ધે! ધન વિના આ લોકમાં આપણી સાથે કોઇ પણ મિત્રતા ધારણ કરતું નથી, તે શું તું જાણતી નથી? આજે તેં આપણા ઘેર આવેલા એક બ્રાહ્મણને ધાન્યની મુઠી આપી, જેથી તમારા વ્યર્થ દ્રવ્યના વ્યયથી આજે મારી છાતી વજ્રથી હણાઇ ગઇ હોય તેવી મારી સ્થિતિ થઇ છે.' પતિના આવા કૃપણતા સહિત વચનો સાંભળી તેના ચિત્તને અનુસાર વર્તન કરવાવાળી ધન્યાએ પણ કહ્યું કે–'હે પ્રિયતમ! હું પતિવ્રતા ધર્મની પાલન કરનારી છું, તેથી તમારાં વચનાનુસાર એવો ફોગટ દ્રવ્યનો વ્યય નહિ કરીશ; પરંતુ હે સ્વામિન્! જેમાં કોઇ પણ પ્રકારનો ધનવ્યય થતો ન હોય એવું પુણ્યનું કાર્ય શામાટે ન કરવું? માટે જિનેશ્વર પ્રભુનાં દર્શન કરો, ગુરૂરાજને ભક્તિપૂર્વક વંદન કરો, તેમજ ધર્મકથાનું શ્રવણ કરો. આવા કાર્યમાં કાંઇ ધનનો વ્યય થશે નહિ અને પુણ્યસંચય થશે.' પત્નીનાં આવાં વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળી ધનરાજે કહ્યું કે–'હે પ્રિયે! જો હું જૈનમુનિઓને વંદન કરવા જાઉં તો મને તેઓની સાથે પરિચય થાય અને જેમ જેમ વધારે પરિચય થતો જાય તેમ તેમ તેઓ મારી પાસે આગ્રહ કરીને નકામો ખર્ચ કરાવે અને મને ઉપદેશ આપે કે–'હે ભદ્ર! ઉત્તમ પદાર્થોથી પ્રભુપૂજા કરવી, ચૈત્યો બંધાવવાં, તેમાં પ્રતિમાઓ સ્થાપન કરાવવી, સાધર્મિક બંધુઓનું વાત્સલ્ય કરવું, સાધુઓનો સત્કાર કરવો, તીર્થયાત્રાઓ કરવી.' આવી રીતના ગુરૂના ઉપદેશથી મારૂં ધન થોડા સમયમાં ખુટી જાય. માટે હે પ્રિયે! વિશેષ તો હું કાંઇ કરી શકું તેમ નથી, તથાપિ ફક્ત ત્હારા વચનથી એટલો નિયમ અંગીકાર આજથી કરૂં છું કે–મ્હારે જિનચૈત્યમાં જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરીને નિરંતર ભોજન કરવું; કારણકે જિનેશ્વરને વંદન માત્રથી ધન કાંઇ વિનષ્ટ થતું નથી.' પતિનાં આવાં વચનો સાંભળી હર્ષિત વદને ધન્યાએ કહ્યું કે–'એટલું કરવાથી પણ તમારા માનવજીવનની સાફલ્યતા થશે.' એ પ્રમાણે તે દંપતીનો સમય પસાર થતો હતો.

એક દિવસ એવો પ્રસંગ બન્યો કે–બરોબર મધ્યાહ્ન સમયે ક્ષુધાથી વ્યાપ્ત ધનરાજ બહારથી આવી પગ ધોવામાં નકામું પાણી શામાટે વાપરવું જોઇએ, એવા લોભી વિચારથી હાથ પગ ધોયા વિના જમવા બેસી ગયો. પ્રિયાએ ભોજન પીરસ્યું. ધનરાજ તેલવાળા હાથથી કોળીયો લઇ જેવો મુખમાં મૂકે છે કે તુરતજ તેને જિનવંદનના નિયમનું સ્મરણ થયું અને પ્રિયાને કહ્યું કે–'આજે મેં વ્યાપારની ધુનમાં ને ધુનમાં જિનેશ્વર પ્રભુનું વંદન કર્યું નથી, માટે મારે નિયમ હોવાથી હું વંદન કરવા જાઉં છું, તેથી આ મારા હાથને વસ્ત્રથી ઢાંકી દે, કારણકે ધોઇ નાખવાથી હાથ ઉપરનું તેલ જતું રહેશે.' ભર્તારનાં આવાં વચનો સાંભળી ધન્યાએ વિચાર કર્યો કે 'જો જિનદેવને એક વાર પણ નમન કરવામાં આવે તો દિવસનાં કરેલાં સર્વ પાપો ધોવાઇ જાય છે. નિયમગ્રહણથી લાખો ભવનાં પાપો ક્ષીણ થાય છે; માટે મારા સ્વામીની નિયમમાં ઘણી દ્રઢતા છે પણ તેનામાં સ્વાભાવિક કૃપણતા દોષ હોવાથી તેલ ચાલ્યું ન જાય માટે હાથ ધોવામાં પણ નુકશાન દર્શાવે છે, પરંતુ એવી રીતે પણ નિયમ પાલન કરવાને માટે આજે જો જિનચૈત્યમાં જશે તો કદાચિત્ અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થશે; કારણકે આજે મેં પણ સ્વપ્નમાં સ્વામી ઉપર અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થયા એમ જોયું છે.' એમ સ્વગત વિચાર કરી ધનરાજના હાથને વસ્ત્રથી ઢાંકી કહ્યું કે–'પ્રાણનાથ! જો તમને ચૈત્યમાં કોઇ કાંઇ કહે તો તેનો મને પૂછીને જવાબ આપજો.' એમ કહી તેને જિનચૈત્યમાં મોકલ્યો. ધનરાજ જિનચૈત્યમાં જઇ જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરી પાછો વળ્યો, તેવામાં તેની નિયમની દ્રઢતાથી સંતુષ્ટ થયેલ અધિષ્ઠાયક દેવે પ્રત્યક્ષ થઇ કહ્યું કે–'રે સત્ત્વવાન! હું ત્હારા નિયમની દ્રઢતાથી સંતુષ્ટ થયો છું માટે કાંઇ માગ.' ધનરાજે કહ્યું કે 'હું મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાર્યાને પૂછીને આવું ત્યાંસુધી તું અહીંજ રહેજે.' અધિષ્ઠાયક દેવે જવાબ આપ્યો કે-'હે ભદ્ર! જા જલદી પૂછીને આવ, ત્યાંસુધી હું અહીંજ છું.' ત્યારબાદ ધનરાજે હર્ષિત થઇ ઘેર આવી પ્રિયાને કહ્યું કે-'આજે શ્રીજિનદેવ સંતુષ્ટ થયા છે માટે તું કહે કે હું શું માગું?' ધન્યાએ કહ્યું કે-'હે સ્વામિન્! જિનદેવ સંતુષ્ટ થવાથી આપણને સર્વ મનોરથો પ્રાપ્ત થયા, ત્રણે ભુવનનું સામ્રાજ્ય મળ્યું તેમજ આઠે મહાસિદ્ધિ પ્રાપ્ત થઇ, માટે આ સર્વ યાચવા કરતાં શ્રીઅરિહંત પ્રભુ પાસે તમો એવી યાચના કરો કે-'હે જિનરાજ! મ્હારા સર્વ પાપો દૂર કરો.' પ્રિયાનાં વચનને અનુસરી ધનરાજ જિનચૈત્યમાં ગયો ને અધિષ્ઠાયક દેવને નમન કરી કહ્યું કે-'ભગવન્! જો તમે મ્હારા પર ખરેખરા પ્રસન્ન થયા હો તો મ્હારા પર કૃપા કરી સઘળા પાપોનો નાશ કરો.' ત્યારબાદ સંતુષ્ટ થયેલ દેવે કહ્યું કે 'એજ પ્રમાણે થશે તેમાં જરા પણ સંદેહ ન રાખીશ.' ત્યારબાદ ધનરાજ ઘેર આવ્યો. તેની સ્ત્રીએ વિચાર કર્યો કે-"આના પાપો ગયા છે કે નહિ તેની પરીક્ષા માટે હું જોઉં કે તે હાથ પગ ધોઇને ભોજન કરવા બેસે છે કે એમને એમ બેસે છે?" આ પ્રમાણે ધન્યા વિચાર કરતી હતી, તેવામાં ચિત્તમાં વિવેકાંકુરો ઉદ્ભવવાથી ધનરાજે કહ્યું-'હે પ્રિયે! મ્હારા હાથ અપવિત્ર છે માટે પાણી લાવ કે જેથી ધોઇ નાખું.' પતિનાં વિવેકયુક્ત વચનો સાંભળી ધન્યા હર્ષ પામી ને પાણી આપ્યું. પાણીથી હાથ પગ ધોઇને ધનરાજે ભોજન કર્યું. ધન્યાએ વિચાર કર્યો કે ખરેખર અમારો ભાગ્યોદય હવે સત્વર થશે; કારણકે મારા પતિનાં પાપો નાશ પામ્યાં અને વિવેકનો સંચાર થયો. આજે હાથ પગ ધોઇને ભોજન કર્યું એ પરથી એમ માનવાનું સબળ કારણ મળે છે કે મારા પતિના દાનાંતરાય, ભોગાંતરાયરૂપ કર્મ ક્ષીણ થવાથી મારા સ્વામી દાની, ભોગી તેમજ ધર્મિષ્ઠ થશે. તત્પશ્ચાત્ બીજે દિવસે ધનરાજને જૈન ધર્મ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થવાથી પ્રાતઃકાળમાં વહેલા ઉઠી સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો ધારણ કરી પુષ્પ, ફળ, નૈવેદ્ય, ધુપ, દીપ, અક્ષત વિગેરે ઉત્તમ પદાર્થોથી ચિત્તની આલ્હાદકતાપૂર્વક જિનેશ્વર પ્રભુની યથાવિધિ અર્ચા કરી તથા અતિથિ સત્કાર કર્યા બાદ ભોજન કર્યું. એવી રીતે તેના મનોમંદિરમાં નિરંતર વિવેકના અંકુરા વૃદ્ધિ પામતા ગયા અને પૂર્વજોએ ઉપાર્જન કરેલ ત્રણે લાખ સોનામહોરોનો તેણે ધર્મમાર્ગમાં સદ્વ્યય કર્યો. પોતાના ઘરમાં તાંબાના, કાંસાના અને રૂપાના વાસણો વસાવ્યા. પાણી ભરવા લાયક ઉત્તમ ધાતુના વાસણો બનાવ્યા. તદનંતર પૂર્વે લોભી અવસ્થામાં અનાજ ભરવા યોગ્ય, પાણી નાખવા યોગ્ય જે તુંબડાઓનો પોતાના ઘરમાં લાવીને સંગ્રહ કરી રાખ્યો હતો તે બધા તુંબડાઓ શ્રદ્ધાપૂર્વક મુનિરાજને વહોરાવ્યા અને તે પુણ્યકાર્યની ધન્યાએ અનુમોદના કરી. ત્યારબાદ સમ્યગ્ રીતે ધર્મારાધન કરી ધનરાજનો જીવ તું મેઘનાદ રાજા થયો અને ધન્યાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ આ તારી પત્ની મદનમંજરી થઈ. પૂર્વ ભવમાં આપેલા સુપાત્રદાનના માહાત્મ્યથી સર્વ ઈચ્છિત વસ્તુને આપનાર કલ્પવૃક્ષ રત્ન તને પ્રાપ્ત થયું અને મહાન્ સામ્રાજ્ય સંપત્તિ એક લાખ વર્ષ પર્યંત ભોગવી."

આ પ્રમાણે શ્રીમાન ગુરૂરાજશ્રીના મુખથી પોતાના પૂર્વ ભવનો સર્વ વૃત્તાંત સાંભળી વૈરાગ્ય રંગથી વાસિત થઈ શ્રી મેઘનાદ રાજાએ પોતાના પુત્રપર રાજ્યભાર આરોપણ કરી જિનચૈત્યમાં અઠ્ઠાઈ મહોત્સવ, સ્વધર્મી બંધુઓનું વાત્સલ્ય, યાચક જનોને દાન વિગેરે અનેક પ્રકારનાં ધર્મકૃત્યો કરી મદનમંજરી રાણી સાથે ગુરૂરાજ સમિપે ચારિત્ર વ્રત ગ્રહણ કર્યું અને ઘણા વર્ષ પર્યંત શુદ્ધ ચારિત્રનું યથાર્થ પાલન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી બન્ને સુપાત્રદાનના પ્રભાવથી અનંત, અવ્યય અને મહા આનંદના સ્થાનરૂપ મોક્ષપદને પામ્યા.

## સૂક્તમુક્તાવલી.

### ૩ કામવર્ગ.

उपजाति.

ग्राह्या कियंतः किल कामवर्गे, कामो नृनार्यो गुणदोषभाजः ।
सल्लक्षणैर्योगवियोग युक्तैः समातृपितृप्रमुखा प्रसंगाः ॥ १ ॥

'આ કામવર્ગમાં કામ, સ્ત્રી અને પુરૂષના ગુણ અને દોષ, સુલક્ષણી સ્ત્રીઓ, સંયોગ ને વિયોગ, માતા પ્રત્યેની ફરજ, પિતા પ્રત્યેની ફરજ અને પ્રમુખ શબ્દે પુત્ર કેવા હોય-આટલા પ્રસંગો ( વિષયો ગ્રહણ કરવા ) ૧

### ૧ કામવિષે.

કંદર્પ પંચાનન તેજ આગે, કુરંગ જેવા જગ જીવ લાગે;
સ્ત્રી શસ્ત્ર લેઈ જગ જે વદીતા, તે એણુ દેવા જન વૃંદ જીતા. ૨.

(માલિની)

મનમથ જગમાંહે, દુર્જયી જે અદ્યાપિ,
ત્રિભુવન સુરરાજી, જાસ શસ્ત્રે સતાપિ;
વિધિ જળજ ઉપાસે, વાર્ધિજા વિષ્ણુ સેવે,
હર હિમગિરિજાને, જેહ અર્ધાંગ દેવે. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(શાર્દૂલ વિક્રીડિત)

ભિલ્લી ભાવ છળ્યો મહેશ ઉમયા જે કામ રાગે કરી,
પુત્રી દેખી ચળ્યો ચતુર્મુખ હરિ આહેરિકા આદરી;
ઇંદ્રે ગૌતમની પ્રિયા વિલસીને સંભોગ તે ઓળવ્યા,
કામે એમ મહંત દેવ જગ જે તે ભોળવ્યા રોળવ્યા. ૪

(માલિની)

નળનૃપ દવદંતી, દેખી ચારિત્ર ચાળે,
અરહન રહનેમિ, તે તપસ્યા વિટાળે;
ચરમ જિનમુનિ તે, ચિલ્લણા રૂપ મોહે,
મયણ શર વ્યથાના, એહ ઉન્માદ સોહે. ૫

**ભાવાર્થ**—કામદેવરૂપી કેશરી સિંહના તેજથી અંજાઇ જઇ જગતના જીવો કુરંગ-હરણીયા જેવા કાયર બની તેને વશ થઇ જાય છે અથવા તો તેનાથી ડરી જાયછે. એ એકલા કામદેવે જગતમાં પ્રસિદ્ધ એવું પોતાનું સ્ત્રી રૂપી શસ્ત્ર હાથમાં લઇ દેવો અને માનવોના વૃંદો (ટોળે ટોળા) ને જીતી લીધા છે. હજુ સુધી દુનિયામાં એ કામદેવ દુર્જયી-ભારે કષ્ટે જીતી શકાય એવો બહુ પરાક્રમી જણાયો છે; કેમકે ત્રીભુવન વર્તી દેવોની પંક્તિ તેના સ્ત્રીરૂપી શસ્ત્રથી ઘવાઇ-ભ્રષ્ટ થઇ -હારી તેને શરણે થઇ ગઇ જણાય છે. જુઓ! વિધિ-વિધાતા-બ્રહ્મા તેનાથી હારી જઇ જળજ-કમળની ઉપાસના કરે છે, તેથી તે કમલાસન કહેવાય છે. વિષ્ણુ-કૃષ્ણ લક્ષ્મીદેવીની ઉપાસના કરે છે અને હર-શંકર-મહાદેવે હિમગિરિજા-પાર્વતીને પોતાનું અર્ધાંગ અર્પણ કર્યું છે. આ પ્રમાણે લોકમાં લેખાતા મુખ્ય દેવો હરિ હર અને બ્રહ્મા પણ કામદેવને વશ થઇ જવાથી તેમની વિડંબના થઇ છે. ભીલડીનું રૂપ લઇને ઉમયાએ શંકરને છળ્યા હતા. એ ભીલડીનું અદ્ભૂત રૂપ દેખીને વનમાં તપસ્યા કરવા ગયેલા મહાદેવ કામવશ ચળાયમાન થઇ ગયા હતા. ચતુર્મુખ-બ્રહ્મા પોતાની પુત્રીનુંજ રૂપ દેખી ચળિત થયા હતા. હરિ-વિષ્ણુ ગોપીમાં લુબ્ધ થયા હતા. ઇન્દ્રે ગૌતમની સ્ત્રી સંગાતે ભોગવિલાસ કર્યો હતો. એવી રીતે કામદેવે આ જગતમાં મોટા મહંત લેખાતા એવા દેવોને પણ ભોળવી નાંખ્યા અને તેમને કાયર જનોની જેમ રોળવી દીધા, એટલે તેમની આબરૂના કાંકરા કરી નાંખ્યા. આ બધી વાત લૌકિક શાસ્ત્રોના આધારે સિદ્ધ થઇ શકે છે. મતલબ એવી છે કે જ્યારે દુનીયામાં નામીચા લેખાતા મોટા મહંત દેવો પણ કામના સપાટામાં આવી ગયા અને જોતજોતામાં સ્ત્રીવશ થઇ ગયા, તો પછી બીજા સામાન્ય જનોનું તો કહેવુંજ શું? કામદેવનું એવું ભારે પરાક્રમ સમજવા જેવું છે. વળી લોકોત્તર શાસ્ત્રના આધારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ જણાય છે કે નળરાજા દીક્ષા લીધા પછી દમયંતી સાધ્વીનું રૂપ દેખી ચારિત્રમાં ચળાયમાન થયા. શ્રી નેમિનાથ પ્રભુના ભાઇ રહનેમી ગિરનાર ઉપર ગુફામાં ધ્યાનસ્થ રહ્યા હતા છતાં વર્ષાદથી ભીંજાયેલા રાજીમતી સાધ્વીજીને એજ ગુફામાં ( અણજાણ્યા ) પેસી પોતાનાં ભીનાં વસ્ત્ર સૂકવતાં નવસ્ત્રા દેખીને ધ્યાનથી ચૂકયા હતા, તેમજ રાજા શ્રેણિકની રાણી ચેલ્લણાનું અદ્ભુત રૂપ જોઇને મહાવીર પ્રભુના મુનિઓ વ્યામોહ પામ્યા હતા. એ બધો કામબાણની વ્યથાથી થતો ઉન્માદજ જાણવો-કામવશ થયેલી વિહ્વળતાનું પરિણામ સમજવું. ભવિતવ્યતા યા ભાવીભાવની વાત જુદી છે, પરંતુ તેવું માની લઇને શાસ્ત્રોક્ત પુરૂષાર્થ તજી દેવાનો નથી. એટલુજ નહિ પણ તેને દ્રઢ પણે સેવવો-આદરવો જરૂરનો છે. કામદેવને જીતવા અથવા તેનાથી પોતાના બ્રહ્મવ્રતનું રક્ષણ કરવા-પોતાનો બચાવ કરવા માટે જ્ઞાની પુરૂષોએ નવ પ્રકારની બ્રહ્મ ગુપ્તિ ( નવ વાડો ) કહી છે તેનું યત્નથી પાલન કરવું.

## ૨ પુરૂષ સ્ત્રી ગુણ દોષોદ્ભાવન અધિકાર.

(રથોદ્ધતાવૃત્ત.)

ઉત્તમા પણ નરા ન સંભવે, મધ્યમા તિમ ન યોષિતા હુવે;<br>
એહ ઉત્તમિક મધ્યમીપણો, બેહુમાંહી ગુણ દોષનો ગિણો. ૬

"પુરૂષ એટલે ઉત્તમજ હોય એમ ન સમજવું અને સ્ત્રી હોવાથી તેને મધ્યમ ન સમજવી. સ્ત્રી પુરૂષ હોવા માત્રથી ઉત્તમ મધ્યમપણું આવતું નથી, પણ પુરૂષમાં કે સ્ત્રીમાં ઉત્તમ ને મધ્યમીપણું ગુણ ને દોષથીજ આવે છે." તેથી તે બંને જાતિના ગુણ દોષ પ્રગટ કરતા સતા કર્ત્તા કહે છે:—

### પુરૂષ ગુણ વર્ણન-૧.

જે નિત્યે ગુણવૃંદ લે પરતણા, દોષો ન જે દાખવે,<br>
જે વિશ્વે ઉપકારીને ઉપકરે, વાણી સુધા જે લવે;<br>
પૂરા પુનમચંદ જેમ સુગુણા, જે ધીર મેરૂ સમા,<br>
ઉંડા જે ગંભીર સાયરજિશ્યા, તે માનવા ઉત્તમા. ૭

---

રૂપ સૌભાગ્ય સંપન્ના, સત્યાદિ ગુણ શોભના;<br>
તે લોકે વિરલા ધીરા, શ્રી રામ સદૃશા નરા. ૮

**ભાવાર્થ**—જે સજ્જનો સદાય પરના ગુણગણને ગ્રહણ કરે છે-ગુણની પ્રશંસા કરે છે, તેમજ બની શકે તેટલું તેનું અનુકરણ પણ કરે છે; પરંતુ પરના દોષો ઉઘાડા કરી વિગોવણા ( નિંદા-લઘુતા ) કદાપિ કરતા નથી; વળી જેઓ ઉપકારી જનો છે તેમનો ઉપકાર ભૂલતા નથી; કૃતજ્ઞપણે તેમનો પ્રત્યુપકાર કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તક મળે તો જે ચૂકતા નથી, મુખથી અમૃત જેવાં મીઠાં વચન જ જે બોલે છે, જેઓ શરદઋતુના સંપૂર્ણ ચંદ્ર જેવી શીતળતા દર્શાવનારા મેરૂપર્વત જેવી ધીરતા-નિશ્ચળતા અને સાગર જેવી ગંભીરતા ધારનારા છે તેવા માનવો જ ઉત્તમ પંક્તિના લેખાય છે. રૂપ સૌભાગ્યથી શોભિત અને સત્ત્વ-પરાક્રમાદિક ગુણોવડે અલંકૃત શ્રી રામચંદ્રજી જેવા ધીર વીર ગંભીર વિરલા મનુષ્યો જ હોય છે.

## અથ પુરૂષ દોષ વર્ણનમ્. ૨.

લંકા સ્વામી હરંતિ રામ તજી તે સીતાતણી એ થકી,
સ્ત્રી વેચી હરિચંદ પાંડવ નૃપે કૃષ્ણે ન રાખી શકી;
રાત્રે છાંડી નિજ ત્રિયા નળ નૃપે એ દોષ મોટા ભણી,
જોવો ઉત્તમમાંહિ દોષ ગણના કાં વાત બીજાતણી. ૯

રાવણ જેવા પ્રતિવાસુદેવે સીતા જેવી સતીનું હરણ કર્યું. રામચંદ્રજી જેવા નમુનેદાર નીતિવંત રાજાએ સીતા સતીનો ત્યાગ કર્યો. હરિચંદ રાજાએ પોતાની રાણીને વેચી, પાંડવો પોતાની પત્ની દ્રૌપદીને જૂગારમાં હારી ગયા, જેને કૃષ્ણ જેવા સમર્થ રાજા પણ રાખી ન શકયા. તેમજ નળ રાજાએ પોતાની પ્રાણપ્રિય રાણી દમયંતીને રાત્રે એકલી વનમાં તજી દીધી. આવા મોટા ઉત્તમ પુરૂષો પણ આવી ગંભીર ભૂલ કરે છે તો બીજા સામાન્ય મનુષ્યની તો શી વાત કરવી ?

## સ્ત્રી ગુણ વર્ણનમ્. ૩.

સુશિખ આલે પ્રિયચિત્ત ચાલે, જે શિળ પાળે ગૃહચિંત ટાળે;
દાનાદિ જેણે ગૃહધર્મ હોઈ, તે ગેહી નિત્યે ઘરલચ્છી સોઇ. ૧૦

ઉત્તમ સ્ત્રી પોતાના પતિને દરેક ઉપયોગી કાર્ય પ્રસંગે એક સલાહકારક ઉત્તમ મંત્રીની પેરે સલાહ આપે છે. પોતાના પતિના આશયને અનુસરીને ચાલે છે. મન વચન કાયાથી સ્વપતિસંતોષરૂપ નિર્મળ શીળ પાળે છે. નિર્દોષ વર્તનથી સાવધાનપણે ગૃહદોષ અથવા ઘર ચિન્તા દૂર કરે છે અને ઘરે આવેલા અતિથિ ( સાધુ મહાત્માદિક ) તથા અભ્યાગત-મેમાન પરોણાદિકનો યથાયોગ્ય સત્કાર કરી ગૃહસ્થધર્મ દીપાવે છે. તેવી સૌભાગ્યવંતી કુલીન પતિવ્રતા સ્ત્રી પોતાના પવિત્ર ગુણોવડે ગૃહલક્ષ્મી લેખાય છે, પતિ અને કુટુંબ પરિવારમાં તે સારૂં માન પામે છે અને ગૃહવ્યવસ્થા ઉત્તમ રીતે ચલાવવા સાથે પોતાનું તથા પોતાના કુટુંબ પરિવારનું ભલી રીતે હિતરક્ષણ કરવાથી તે ગૃહદેવી તરીકે પૂજાય-મનાય છે. સતી સ્ત્રીઓ આવીજ હોવી ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભર્ત્તા હણ્યો જે પતિમારિકાએ, નાંખ્યો નદીમાં સુકુમાળિકાએ;
સુદર્શન શ્રેષ્ઠિ સુશીળ રાખ્યો, તે આળ દેઇ અભયાએ દાખ્યો. ૧૧

(વસંતતિલકા.)

માર્યો પ્રદેશી સુરિકંત વિષાવળીએ
રાજા યશોધર હણ્યો નયનાવળીએ;
દુઃખી કર્યો સ્વસુર નૂપુરપંડિતાએ,
દોષી ત્રિયા ઇમ ભણી ઇણ દોષતાએ. ૧૨

પતિમારિકા સુકુમાલિકાએ પોતાના પતિને મારી નદીમાં નાંખી દીધો હતો અને સુદર્શન શેઠે નિર્મળ શીલ ( સ્વસ્ત્રીસંતોષ વ્રત ) પાળ્યું હતું, તેના ઉપર અભયા રાણીએ ખોટું આળ-કલંક ચઢાવ્યું હતું. વળી સૂરિકાંતા રાણીએ પોતાના પતિ પ્રદેશી રાજાને કામાંધ બનીને ભોજન પ્રસંગે ઝેર દીધું હતું. તેમજ નયનાવળીએ પોતાના પતિ યશોધર રાજાને ગળે ફાંસો દઇને માર્યો હતો અને નુપૂરપંડિતાએ પોતાનું ખોટું ચરિત્ર છુપાવવા માટે પોતાના પતિને ભોળવી વૃદ્ધ સસરાને કપટરચનાથી હેરાન કર્યો હતો. આવાં દુષ્કૃત્યોથી જ સ્ત્રીઓને દોષિત લેખવી છે. કામાન્ધપણે સ્ત્રીઓ ન કરવાનાં કામ કરે છે, સાહસ ખેડે છે, કુળલજ્જા લોકલજ્જાદિક તજી અનાચાર સેવે છે; પરંતુ સુકુલીન સતી સ્ત્રીઓ તો પ્રાણાન્ત કષ્ટ સહન કરીને પણ પોતાના પવિત્ર શીલનુંજ રક્ષણ કરે છે, તેવી સ્ત્રીઓ સદ્ગુણી-સુલક્ષણી લેખાય છે.

## ૩ અથ સુલક્ષણી સ્ત્રી વર્ણનમ્.

(શાર્દુલવિક્રીડિત.)

રૂડી રૂપવતી સુશીલ સુગુણી લાવણ્ય અંગે લસે,
લજ્જાળુ પ્રિયવાદિની પ્રિયતણે ચિત્તે સદા જે વસે;
લીલા યૌવન ઉલ્લસે ઉરવશી જાણે નૃલોકે વસી,
એવી પુણ્યતણે પસાય લહીએ રામા રમા સારસી. ૧૩
સીતા સુભદ્રા નળરાય રાણી, જે દ્રૌપદી શીળવતી વખાણી;
જે એહવી શીળ ગુણે સમાણી, સુલક્ષણી તે જગમાંહી જાણી. ૧૪

રૂડી રૂપાળી, સુશીલવંતી, સદ્ગુણી, લાવણ્યની શોભાવાળી, લજ્જાવંતી, પ્રિય-મિષ્ટ વચન બોલનારી, પતિના મનમાં વસી રહેનારી, વિનીત અને યૌવન વયની શોભાથી જાણે ઉર્વશી આ મૃત્યુલોકમાં આવી વસી હોય એવી, લક્ષ્મીના અવતાર જેવી સાનુકૂળ સ્ત્રીનો સંબંધ પૂર્વના પુન્યયોગે પ્રાપ્ત થઇ શકે છે. આવી સ્ત્રીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગે ગૃહસ્થધર્મ સારી રીતે પાળી શકાય છે, તેથી તેવી પવિત્ર ગુણવંતી સ્ત્રીને ધર્મપત્ની કહેવામાં આવે છે.

સીતા, સુભદ્રા, દમયંતી અને દ્રૌપદી વિગેરે અનેક સતીઓ પોતાના પવિત્ર શીલગુણવડે જગપ્રસિદ્ધ થયેલી છે. એવા પવિત્ર શીલગુણવડે જે કોઇ સ્ત્રી અલંકૃત હોય તે જગતમાં સુલક્ષણી ગણાવા યોગ્ય છે. અત્રે સમજવાની જરૂર છે કે કેવળ વિષયવાસનાની ક્ષણિક તૃપ્તિ કરવા માટે જ સ્ત્રી સંબંધ ( લગ્ન ) કર્તવ્ય નથી. લગ્નનો આશય ઘણો વિશાળ-ગંભીર છે, તે કામાંધ જનો સમજતા નથી. તેવો સંબંધ તો પશુ પક્ષીઓ પણ કરે છે, છતાં તેમનામાં પણ પ્રેમમર્યાદા જોવામાં આવે છે. પશુ પંખીઓ કરતાં મનુષ્ય સ્ત્રી પુરૂષોમાં બુદ્ધિબળ વધારે હોવું ઘટે છે. તેવડે ધારે તો તેઓ લગ્નની ઉંચી નેમ સમજી, વિવેક-મર્યાદાવડે તેને સફળ કરી શકે છે. તે તો જ્યારે કોઇ સદ્‌ગુરૂની કૃપાથી કે પૂર્વના શુભ સંસ્કારથી તે ઉભયમાં દૈવી પ્રેમ પ્રગટે એટલે તુચ્છ વિષયભોગની વાંછના તજી અથવા કમી કરી અર્થાત્ તેને પુંઠ દઇ, લોકોત્તર સુખની પ્રાપ્તિ થાય એવું સાધન એક રાગથી કરવા ઉજમાળ બને અને તેવાં હિતસાધનમાં એક બીજા સ્વાર્થત્યાગ કરી કેવળ પરમાર્થ દ્રષ્ટિથી એકબીજાને મદદ કરતા રહે ત્યારે જ બની શકે, અને ખરી રીતે જોતાં તેજ વ્યાજબી છે. પ્રારબ્ધ યોગે સ્ત્રી પુરૂષ યોગ્ય જૂદા જૂદા દેહ પ્રાપ્ત થયા છતાં સદ્‌ગુરૂ કૃપાથી વિવેકદ્રષ્ટિ ખુલતાં સમજી શકાય છે કે **આત્મતત્ત્વ ઉભયમાં સમાન છે, ને શક્તિરૂપે તો પરમાત્મા સમાન છે.** જે આત્મતત્ત્વ પૂર્ણ પરમાત્મરૂપે પ્રગટ્યું નથી તેનેજ પ્રગટ કરવા બને તેટલી સાનુકૂળતા મેળવી વિવેકથી પ્રયત્ન કરવા જોડાવું એજ ઉભયને હિતકારી કર્તવ્ય છે. ઇતિશમ્.

# આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન.

( ૪ )

આજ કાવ્યનાટક સંબંધી વિચાર કરીએ. પ્રથમ એ જણાવવાની જરૂર છે કે કાવ્ય એ વિવિધ કળાઓમાંની એક કળા છે. અન્તરાત્મામાં જે સુન્દર વિચાર કે કલ્પના ઉઠે તેને સ્થૂળ સાધનોની સહાયવડે અન્ય જનોનું ચિત્ત રંજન થાય તેવી સુન્દર રીતે વ્યક્ત કરવાની શક્તિ તે કળા કહેવાય. રંગોની સહાયવડે કલ્પના આળેખવામાં આવે તો તે ચિત્રકળા કહેવાય; વાદ્યોની સહાય વડે અને જુદા જુદા સુરની મિલાવટથી અંદરના કલ્પનાડોલનને સ્વરવડે વ્યક્ત કરવામાં આવે નો તે સંગીત કળા કહેવાય; તેવી જ રીતે મનના સુન્દર ભાવોને તથા વિચારોને સુષ્ટુ શબ્દરચના અને મનોહર અર્થઘટના દ્વારા અન્ય સમક્ષ મૂકવામાં આવે ત્યારે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાવ્યકળા કહેવાય. તે કળામાં કુશળ માણસો કવિ કહેવાય. કવિની લોકજીવન ઉપર હંમેશાં બળવાન્ સત્તા હોય છે. તે ધારે તો લોકજીવનનો ઉદ્ધાર કરી શકે; ધારે તો લોકજીવનનો અધઃપાત પણ કરી શકે.

જગત્‌ના ઉંચામાં ઉંચા વિચારો હમેશાં કવિતાદ્વારા દર્શન દે છે. ધર્મને તો કાવ્ય વિના ક્ષણ પણ ન ચાલે. પ્રાર્થના, પૂજા, ભજન, સ્તવન આદિ સર્વ કાંઇ કવિતામાં જ હોય છે. ધાર્મિક વાર્તાનું સાહિત્ય લોકગણ સમક્ષ કાવ્યદ્વારાજ મૂકવામાં આવે છે. મહાભારત અને રામાયણ મોટાં કાવ્યો છે. તત્ત્વજ્ઞાનનું નિરૂપણ પણ ઘણી વખત કવિતાની સહાયથી કરવામાં આવે છે. ભગવદ્‌ગીતા કે જ્ઞાનસાર આવાં જ ગ્રંથો છે. જૈન ધર્મના સાહિત્યનો મોટો ભાગ કાવ્યગ્રથિત જ છે. સ્તવન, સ્તુતિ, સજ્ઝાય અને છંદોનો સંગ્રહ પાર વિનાનો છે. જૈન રાસની સંખ્યા એટલી બધી છે કે તે તો હજુ નિર્ણિત નથી થઇ. સંસ્કૃત તેમજ માગધી ભાષામાં પણ જૈનોનું કાવ્ય સાહિત્ય કાંઇ ઓછું નથી. ભક્તામર કે કલ્યાણમંદિર જેવાં નાનાં કાવ્યો, ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર કે પઉમ ચરિયમ્ જેવાં મોટાં કાવ્યો અનેક છે. વૈરાગ્યવાસિત શાન્ત રસ વ્યાપ્ત પદો સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. આનંદઘનજી ને ચિદાનંદજીનાં પદ્યો કેટલાં સ્મરણીય અને અર્થગંભીર છે? ગાનાર ગાયા કરે અને વિચારક વિચાર્યા કરે તોય પાર ન આવે.

આમ છતાં અત્યારે કાવ્યવિષયમાં જૈનો તરફથી જે નવું સાહિત્ય પ્રગટ થતું જાય છે તે તદ્દન છેલ્લી પંક્તિનું દેખાય છે. જેમ વર્ષાથી સૃષ્ટિ ખીલે છે અને નવપલ્લવિત થાય છે તેમ ધાર્મિક કવિથી ધર્મજીવન વિકસે છે અને વધે છે. પણ અત્યારે આખી જૈન સમાજમાં એક પણ જૈનકવિ દેખાતો નથી કે જે કાવ્યરસિક ધર્મપરાયણ જૈનોની કાવ્યપિપાસા તૃપ્ત કરી શકે અને ઉન્નત ધર્મની આરોહણ શ્રેણિએ લઇ જઇ શકે. કેટલાક સાધુઓ તેમજ શ્રાવકો કાવ્યો રચવાનો કે પૂજા બનાવવાનો પ્રયાસ કરે છે પણ હજુ સુધી ઉંચી જાતનાં કાવ્યો દૃષ્ટિગોચર થતાં નથી. છેલ્લાં છેલ્લાં આત્મારામજી મહારાજના કાવ્યોમાં શબ્દ ચમત્કૃતિ, સંગીતમાધુર્ય તેમજ કેટલેક ઠેકાણે અર્થગાંભીર્ય અનુભવાય છે. શ્રીમદ્ રાજચંદ્રનું "અપૂર્વ અવસર એવો કયારે આવશે." એ પદ્ય ઉચ્ચ કોટિના કાવ્યમાં મૂકી શકાય, પણ ત્યાર પછી એવા સુન્દર પદ્ય, સ્તવન વા પૂજાનો જન્મ થયો દેખાતો નથી. પૂજાનું જૈનોમાં અઢળક સાહિત્ય છે, અને તેમાં કેટલુંક બહુજ ઉત્તમ પ્રકારનું છે. વીરવિજયજી જેવા રસવિલાસી સાધુઓ હાલ કેમ દેખાતા નથી?

સારો કવિ ઉપજવો ન ઉપજવો તે કુદરતને આધીન છે તેથી તે બાબત ખેદ કરવો તે નિરર્થક છે; પણ વર્તમાન જૈનોની કાવ્યવિષય તરફ અસાધારણ ઉપેક્ષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અક્ષમ્ય લાગે છે. તેમના નિત્ય જીવનમાં ઉપયોગમાં આવતા-ગવાનાં પદો જોતાં-વિચારતાં તેમની પસંદગી કેટલી નિર્માલ્ય અને કાવ્યરસ વંચિત છે તેને સહેજે ખ્યાલ આવશે. અષ્ટપ્રકારી પૂજાના દુહાઓ તદ્દન સાધારણ છે અને આથી પણ સાધારણ અને લગભગ અર્થ વિનાનું કાવ્ય આરતિ અને મંગળ દિવાનું છે. "જય જય આરતિ આદિ જિણંદા, નાભિરાયા મારૂદેવીકા નંદા" અથવા તો "દિવો રે દિવો મંગળ દિવો, આરતિ ઉતારો બહુ ચિરંજીવો" આ તે કાંઇ કાવ્ય કહેવાય કે નાના છોકરાંની "સારી ચોપડીએ શોભાય, હૈયું દેખી તે હરખાય" જેવી કવિતા કહેવાય? અમુક રાગનાં માળખામાં શબ્દો જડી દેવાને કવિતા કહેવાતી હોય તો આવું ચલાવી લેવાય; કવિતામાં રાગના લય પ્રમાણે શબ્દોની ગોઠવણને તો બહુ ગૌણ સ્થાન છે. આરતિના કાવ્યમાં પરમાત્માની સ્તુતિ હોવી જોઇએ તેને બદલે આરતિની સ્તુતિ અને આરતીના ફળનું વર્ણન આવે. જૈન ધર્મ ક્ષત્રીયો પાસેથી વૈશ્યોના હાથમાં ગયો ત્યારપછી ફળ અને લાભાલાભની ગણતરી વધી ગઇ તે એટલે સુધી કે નવકારના પહેલા પાંચ પદ કરતાં પછીના ચાર પદ વૈશ્યો વધારે ભાર મૂકીને ગાય અથવા સંભળાવે. આરતિ જેવી પ્રાચીન કાળની પવિત્ર રૂઢિના આચરણ પ્રસંગે ગાવા માટે પણ આપણે એક સુન્દર કાવ્ય ઉપજાવી ન શકીએ તોપછી આપણી મતિ કાવ્ય વિષયમાં કેટલી બધી કુંઠિત થઇ ગઇ ગણાય?

જેવી રીતે આરતી સંબંધી કહ્યું તેજ ટીકા સ્તવનોને લાગુ પડે છે. આપણી ચોવીશીઓ ઘણી વખત વાંચી વિચારી-કેટલાંક બીજાં સ્તવનો પણ જોયાં પણ તેમાંથી અપવાદરૂપે કેટલાંક બાદ કરતાં ઘણાખરાં કવિત્વના દૃષ્ટિબિન્દુએ બહુજ પામર લાગે છે. આમાં પણ અર્થ કે સ્તવનનો વિષય વિચાર્યા વિના જ્યારે જૈન-બંધુઓને આ પ્રાસંગિક સ્તવન પોપટની માફક પઢતાં જોઉં છું ત્યારે મનમાં બહુજ ગ્લાનિ થઇ આવે છે અને વિચાર થાય છે કે અનંત ચૈતન્યશાળી વીર ભગવાનના અનુયાયીઓમાં આટલી બધી જડતા કેમ? સ્તવન, સ્તુતિયો કે પ્રાર્થનાઓ એવી હોવી જોઇએ કે જેમાં સ્થૂળ બાબતોના ઉલ્લેખને તદ્દન ગૌણ સ્થાન મળવું જોઇએ, ભાષા કે વિચારની ગ્રામ્યતા અદૃશ્ય થવી જોઇએ, કાંચનમાં હીરો જડાય તેમ સુન્દર શબ્દોમાં મનોહર મનોહર અર્થની ઘટના થવી જોઇએ, કાવ્યનું અખંડ ઝરણું વહેવું જોઇએ અને પદે પદે શાન્ત રસનું તેમજ અનુપમ ભક્તિનું દર્શન થવું જોઇએ.

એક કવિ ભગવાન પાસે મોક્ષ માગે છે તે શી રીતે? "આપી દો, આપી દો, ઝટપટ ઝટપટ." આ તે કાવ્ય કહેવાય કે ભગવાનની મશ્કરી? અનુકરણશીલ વૃત્તિ તો જૈનોનેજ વરી જણાય છે. નરસિંહ મહેતાના નાટકમાં એક કવિએ કાવ્ય બનાવ્યું કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[redacted] રે, ભાડુ મારા ભાગવા હાજી."

[redacted] તો જાશે સેવકની લાજ.....................................વ્હાલા૦

ત્યારે અન્ય જૈન કવિએ તે ઉપરથી નીચે પ્રમાણે કાવ્ય બનાવી દીધું.

"ત્રીશલાના જાયા રે, મહાવીર સ્વામી આવજો રે;
નહિ આવો તો, થાશે સેવકના બેહાલ.".............ત્રીશલાના૦

આવાં કવિતાશૂન્ય અનુકરણપૂર્ણ ગાયનો બનાવવામાં આવે અને રાગોને માટે "સાહેબા સલુણા નાની નણદલના વીરા" અને "છાણાં વીણવા ગઈતી ત્યારે વીંછીડે ફટકાવી" એવાં નાટકી ક્ષુદ્ર રાગોનો આશ્રય લેવામાં આવે તે જોઇ કોણ કાવ્યરસિક જૈન ખેદ ન પામે?

જૈનોના ધાર્મિક જીવનમાં જેટલું સ્થાન પૂજા ભોગવે છે, તેટલું જ અગત્યનું સ્થાન પ્રતિક્રમણ ભોગવે છે. મૂર્ત્તિપૂજક યા અમૂર્ત્તિપૂજકને પણ પ્રતિક્રમણ સ્વીકાર્ય અને આદરણીય છે. વસ્તુત: આત્મીય જીવનની નિયમિત પર્યાલોચના કરવી, ભૂલોને માટે પશ્ચાત્તાપ કરતા રહેવું અને આગળ વધવા-આત્મ પ્રગતિ સાધવા-માટે આવશ્યક આત્મબળ પ્રાપ્ત કરતા રહેવું-આ જૈન ધર્મનું ખરૂં રહસ્ય છે. આવી ઉન્નત આશયોથી ભરેલી પ્રતિક્રમણ ક્રિયા પણ રસહીન અને કેટલેક ઠેકાણે પુનરાવૃત્તિની પરંપરા જેવી દેખાય છે[1], તેમાં મોટો ફેરફાર કરવાની જરૂર છે. ઉક્ત દોષને લીધે શિક્ષિત જૈનોને પ્રતિક્રમણ પ્રત્યે અરૂચિ વધતી જાય છે. જે કળાવિહીનતા જૈનોના ધાર્મિક જીવનનાં અન્ય અંગોમાં જોવામાં આવે છે તેજ કળા વિહીનતા પ્રતિક્રમણની ઘટનામાં જોવામાં આવે છે[2]. પ્રતિક્રમણમાં કેટલીક સાધારણ લાગતી અથવા પુનરાવૃત્તિ જેવી જણાતી બાબતો કાઢી નાંખી પ્રચલિત ભાષામાં રચાયેલાં ઇશ્વર સ્તુતિનાં તેમજ આત્મ ચિન્તવનને લગતાં સુન્દર પદ્યોને સ્થાન આપવામાં આવે[3] તો સહેજે પ્રતિક્રમણ ઉપર લોકોનો પક્ષપાત વધે, તેનું રહસ્ય બરાબર સમજાતાં પ્રતિક્રમણ વધારે ઉપયોગી થઇ શકે અને આત્માનું અનુરંજન તેમજ ઉદ્ધાર-ઉભયને સહેલાઇથી સાધી શકાય. અલબત્ત, એ સ્પષ્ટ છે

---

૧ પ્રતિક્રમણની ક્રિયામાં પુનરાવૃત્તિ બીલકુલ નથી. એક પણ સૂત્ર વધારો પડતું નથી. તેને માટે પ્રતિક્રમણ હેતુ ગર્ભ ગ્રંથ વાંચવાની અપેક્ષા છે. તંત્રી.

૨ આમાં કળાવિહીનતા નથી પણ કળાપૂર્ણતા છે. તેના અનુભવ માટે બહુ જાણવાની જરૂર છે. ત્યાર પછીજ એ બાબતમાં અભિપ્રાય આપી શકાય તેમ છે. તંત્રી.

૩ એની અંદર બીજી વસ્તુને ગોઠવવાનો કે છે તેને કાઢી નાખવાનો અવકાશજ નથી. એવી અપૂર્વ સંકલના છે. સ્તવન, સઝાયની અંદર મનગમતો ફેરફાર થઇ શકે તેમ છે. તે થાને લોકરૂચિ અનુસાર સ્તવન સઝાય દાખલ કરવામાં વાંધો નથી. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે એ કામ શાસ્ત્રવિશારદ આચાર્ય તેમજ સાધુઓનું છે. પ્રતિક્રમણ બહુ મહત્વની ક્રિયા હોઇને તેમાં ફેરફાર કરવા, અમુક સૂત્રો કાઢી નાંખવા, બીજાં સૂત્રો દાખલ કરવા અથવા તો પ્રચલિત ભાષામાં નવાં સૂત્રો બનાવવાં વિગેરે બાબતો સાધુમુનિરાજના પ્રદેશની અને તેઓ કરે તોજ સર્વમાન્ય બની શકે. આમ હોવાથી સદ્ધર્મ રક્ષક સાધુજનોને મારૂં સવિનય વિજ્ઞાપન છે કે નિરસ બનતી જતી અને તેથીજ જૈનોના જીવનમાંથી લુપ્ત બનતી જતી પ્રતિક્રમણ ક્રિયાનો ઉદ્ધાર કરવા–તેને રસવતી બનાવવા–સુંદર, સરળ, સુગ્રાહ્ય કાવ્યો, પદ્યો તેમજ સૂત્રોથી સુગ્રથિત કરવા સત્વર પ્રવૃત્ત બનવાની ખાસ જરૂર છે.

નાટક કાવ્યનું એક અંગ હોઇને જૈન કાવ્યોનો વિચાર કરતાં નાટક વિષય તરફ સહેજે દૃષ્ટિ દોડે છે. નાટકના બે ઉદ્દેશ છે–વર્તમાન સામાજિક જીવનનું યથાર્થ પ્રતિબિંબ રજુ કરવું અને તેજ જીવનના ખોટા અંશો દૂર કરે અને સારા અંશોનું આરોપણ કરે એવા મહાન્ આદર્શો સમાજ સમક્ષ મૂકવા. નાટકમાં સર્વ રસોને પૂરો અવકાશ હોવાથી લોકોને નાટકમાં સૌથી વધારે રસ પડે છે, તેમજ ભજવાતા નાટકની લોકજીવન ઉપર અસર પણ એટલીજ બળવાન્ થાય છે. કોઇ પણ દેશના નાટકો જુઓ એટલે એ દેશનું સામાન્ય જીવન કેવું છે અને તેની પાછળ શા ઉદ્દેશો રહેલા છે તેનો એકદમ ખ્યાલ આવી શકે છે. નવી ભાવનાઓનો પ્રચાર કરવા માટે નાટક ઉત્તમોત્તમ સાધન છે. લોકો ઉપર ધર્મની સત્તા મજબૂત ટકાવી રાખવા ખાતર તેમજ અન્ય જનોમાં ધર્મનો પરિચય તેમજ પ્રચાર વધારવા માટે ધાર્મિક નાટકો રચાતા તેમજ ભજવાતા. અત્યારે પણ હિંદુધર્મનાં અનેક નાટકો રંગભૂમિ ઉપર ભજવાય છે. જૈન ધર્મમાં પણ નાટક સાહિત્ય રચાયલું છે. ધાર્મિક નાટકો ભજવવાનો પ્રાચીન કાળમાં રીવાજ હોય એમ ધાર્મિક કથાઓ ઉપરથી માલુમ પડે છે.[૧] અષાઢાભૂતિ ને ભરતચક્રવર્તીનો પાઠ ભજવતાં કેવળજ્ઞાન પામવાનું દૃષ્ટાન્ત બહુ આકર્ષક છે. અત્યારે સ્થિતિ પલટાઇ ગઇ છે. અત્યારે જૈન નાટકો ભાગ્યેજ રચાય છે અને તેવાં નાટકો રંગભૂમિ પર ભજવવા સામે તો જૈનોને બહુજ મોટો વિરોધ છે. વર્તમાન નાટકોમાં કૃષ્ણ ગોપીની શૃંગારાત્મક ચેષ્ટાઓ જોઇને અને તે કારણથી કૃષ્ણ વિગેરેને પ્રેક્ષકવર્ગના અતિ ઉપહાસનાં પાત્ર બનેલ જોઇને રખેને આપણા ઇષ્ટદેવની આવી સ્થિતિ થાય એ ભયનું પરિણામ છે; પણ આવી સ્થિતિ આપણી બાબતમાં ઉભી થવાનો જરાય સંભવ નથી એનો જૈન બંધુ-

૧ આ પૃથા બહુ વર્ષોથી તદન બંધ થઇ ગયેલ હોવાથી પૂર્વે કેવી રીતે નાટકોના પ્રયોગ થતા હતા તે કલ્પનામાં આવી શકતું નથી, તેમ તેને લગતી લેખીત હકીકત પણ દૃષ્ટિગોચર થતી નથી. એટલે આ બાબત હાલ તો સુજ્ઞ જનોએ લક્ષમાં લઇને પ્રથમ તે સંબંધી વિચાર કરવાનો છે–અમલમાં મુકવાની ઉતાવળ કરવા જેવો આ વિષય નથી. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓને ખ્યાલ નથી. કૃષ્ણ અને ગોપીઓના સંબંધની કિંવદન્તીઓ જ એવી છે કે તદ્વિષયક નાટ્યપ્રયોગોમાં શૃંગાર આવ્યા વિના રહેજ નહિ. ભગવાન્ મહાવીર કે ઋષભદેવના ચરિત્રમાં એવી શી વાતો છે કે જેનું નાટક થતાં લોકો બોધ પામવાને બદલે ઉપહાસ કરે?

કેટલાકના મનમાં એમ થાય છે કે આ ચારિત્રશૂન્ય નાટકીઆઓ ભગવાન્ મહાવીર, નેમનાથ કે ગૌતમસ્વામીનો પાઠ લે અથવા તો સાધુવેશે રંગભૂમિ ઉપર આવી ઉભા રહે તે કેવું બેહુદુ લાગે? કેટલાક વળી તેમાં જૈનધર્મની આશાતના સમજે છે. અલબત્ત, નાટકીઆઓ સુચરિત ન હોય ત્યાંસુધી શુદ્ધ નાટકો ભજવી ન શકાય, તેમજ નાટકમાં આળેખાયલા ઉંચા આદર્શો લોકહ્રદયમાં બરોબર ઉતરી ન શકે, છતાં પણ ઉપર જણાવેલા વિચારથી જૈન નાટકોનો સર્વથા બહિષ્કાર કરવો યુક્ત નથી. નાટકો સમાજમાં કેટલું અગત્યનું સ્થાન ભોગવે છે તે સમજવાની જરૂર છે. જો પ્રભુ કે સાધુનો પાઠ ભજવવામાં આશાતના હોત તો પ્રાચીન કાળમાં પણ નાટક ભજવવા વિષે નિષેધ જ કરવામાં આવ્યો હત. જૈન નાટકના અનભ્યાસને લીધે જૈન નાટકની કલ્પના વિચિત્ર લાગે છે. જૈન ધર્મ કાળમહાસાગરમાં ડુબતો જાય છે અને જૈનોની સંખ્યા ઘટતી જાય છે તે પરિસ્થિતિમાંથી બચવા માટે નાટક એક ઉત્તમ સાધન તરીકે સહાય આપી શકશે. અત્યારે જૈન ધર્મનો કોઇને ઉપદેશ આપશો તો નહિ સાંભળે, પણ તેજ ઉપદેશના મૂર્ત પ્રભાવરૂપ મહાવીર આદિ તીર્થંકરોના ચરિત્રો રંગભૂમિ ઉપર ભજવાતા હશે તો સૌ કોઈ બહુ ભાવ તથા પ્રીતિથી જોશે. બુદ્ધચરિત્રનું નાટક લોકો કેટલા રસથી જોતા? બુદ્ધ ચરિત્ર જોતાં સ્ત્રી પુરુષોને બુદ્ધના વિષે કેવું માન ઉપજતું? તથા બુદ્ધ ધર્મના રહસ્યને જાણવાની કેટલી જીજ્ઞાસા થતી? સીનેમેટોગ્રાફમાં જીસસક્રાઈસ્ટનું નાટક કેવું સુન્દર રીતે ભજવાય છે, અને અન્ય ધર્મીઓ પણ કેટલા ભાવથી ક્રાઇસ્ટનું ચારિત્ર નિહાળે છે? મહાવીર સ્વામીના જીવનમાં નાટકશાળામાં ભજવાય એવા કયાં ઓછા રસમય વિભાગો છે? કોઇ સાધુનો વેશ પહેરે કે કોઈ સાધ્વી થઇને સ્ટેજ ઉપર આવે તે બહુ ખોટું. તે ખ્યાલ માત્ર ભ્રાન્તિપરિણામી છે. જેને પુસ્તક વાંચવા નથી, ઉપદેશ સાંભળવા નથી અને ધર્મ અધર્મ વિચારવાની તસ્દી લેવી નથી તેને નાટક સિવાય ભગવાન્ મહાવીરનો સંદેશ શી રીતે સંભળાવશો? તીર્થંકરોના ચરિત્ર ઉપરાંત જૈનોના કથાસાહિત્યમાં બીજો એટલો અખુટ ભંડાર છે કે અનેક નાટકો રચી શકાય તેવી સુન્દર વસ્તુઓ જ્યાં ત્યાં મળી આવે. આ વસ્તુઓનો નાટકકારો લાભ લેતા નથી એમ નથી પણ જૈનોનો આ વિષયમાં એટલો બધો વિરોધ જોઇને તે તે વસ્તુમાં ફેરફાર કરીને નાટકમાં ઉતારે છે. મહાવીર હોય ત્યાં કૃષ્ણ કે રામને મુકી દે, સાધુ હોય ત્યાં સંન્યાસીને ઉતારી દે અને શ્રાવક હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં વૈષ્ણવ કે શિવોપાસકની સ્થાપના કરી દે. આપણીજ વસ્તુઓનો આપણા કદાગ્રહને લીધે આવો વિપર્યાસ કરવામાં આવે તેમાં ડહાપણ કે લાભ શું? સુવિખ્યાત નાટકકાર ડાહ્યાભાઈ ધોળશાજીએ નાટકો રચવામાં જૈન કથાઓનો ક્યાં ઉપયોગ કીધો નથી? વીણાવેલી શ્રીપાળ રાજાના રાસનુંજ રૂપાન્તર છે, છતાં પણ આવી ઉત્તમ કથાઓ જૈન સાહિત્યમાં ભરેલી છે, આવા ઉત્તમ ચરિત્રો જૈન મહા પુરૂષોના છે, આવા ઉપકારો આખા જગત્ ઉપર જૈન તીર્થંકરોના જ છે આવું લોકોને નાટકદ્વારા સીધે સીધું ભાન થાય અને લોકોનો જૈન ધર્મ અને જૈન મહાપુરૂષો પ્રત્યે રાગ વધે તો તેમાં ખોટું શું?

હમણાં કુમારપાળનું નાટક ભજવાયું તેમાં પણ આવીજ ધમાલ થઇ હતી. નાટકકાર બહુ સારી રીતે સમજતો હતો કે જૈન ભાઇઓમાં આ બાબતમાં બહુ કોળાહળ થશે અને તેથી જેમ બને તેમ જૈન વિષે ઓછા ઉલ્લેખ આવે, સાધુઓ ઓછાં દર્શન દે, હેમચંદ્રાચાર્ય પડદામાંજ રહે તેવી નાટકકારે ખાસ સંભાળ લીધી હતી. એક ઠેકાણે અણછુટકયે બે સાધુ લાવવા પડે છે તેમને સંન્યાસીનો પોશાક પહેરાવે છે. આમાં આપણને શું લાભ થયો? હેમચંદ્રાચાર્ય કુમારપાળના ઇતિહાસમાં અમરસ્થાન ભોગવે છે અને તે કુમારપાળની આટલી મહત્તાનું મૂળ કારણ છે. તે કુમારપાળના નાટકમાં આપણા કદાગ્રહને લીધે દર્શન પણ ન દે તેમાં આપણે અભિમાન પામવાનું કે શરમાવાનું?

ધાર્મિક લાગણીને આવિર્ભાવ આપવાનું નાટક એક કિંમતીસાધન છે. નાટકશાળામાં જૈન નાટકો ભજવાવાની શરૂઆત થવી જોઇએ, તેવીજ રીતે જૈન કથાના જુદા જુદા વિભાગો મંદિરમાં પણ ભજવાતા હોય અથવા તો શાળાના વિદ્યાર્થીઓ પ્રસંગે પ્રસંગે ભજવતા હોય તો જૈન સમાજને ઘણો લાભ થાય. વૈષ્ણવ મંદિરમાં કૃષ્ણ તેમજ રામના ચારિત્રો ભજવાય છે. જુદા જુદા નાટકોમાં આવતા પ્રસંગો પણ અત્યારના વિદ્યાર્થીઓ બહુ સારી રીતે ભજવે છે. આથી આનંદ સાથે સહેજે ધર્મના સંસ્કારો લોકજીવનમાં રૂઢ થાય છે.

હું નાટકોનો પક્ષ કરૂં છું તેથી અત્યારે જે નાટકો જેવી રીતે ભજવાય છે તે દોષ વિનાનાં અને ઉત્તેજન આપવા યોગ્ય છે એમ મારો કહેવાનો આશય ન સમજવો. શુદ્ધ નાટકના દૃષ્ટિબિન્દુએ તેમજ નીતિ વ્યવહારના ધોરણે અત્યારે ભજવાતા નાટકો અનેક દોષોથી ભરેલા છે અને તેમાં સુધારો થવાની ખાસ જરૂર છે. ઇતિહાસનું ભાન નહિ, ફેશનને અગ્ર સ્થાન, બિભત્સ ફારસો, અણુઘટતાં અભિનયો, સંગીતનો લગભગ અભાવ, અને આવાં અનેક દૂષણોથી અત્યારના નાટકો દૂષિત છે, જેથી સમાજજીવનને બહુજ ધક્કો પહોંચતો જાય છે. જૈન કથાઓ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે ભજવાય તો તેમાં કાંઇ બહુ લાભ ન થાય. એટલા માટે એક બાજુએ જેમ હું જૈન નાટક સાહિત્ય ખુબ સમૃદ્ધ થતું જોવા ઉત્સુક છું તેટલોજ હું અત્યારના નાટકોના રૂપરંગમાં મોટો ફેરફાર થતો જોવા ચિન્તાતુર છું.

જૈન કાવ્ય તથા નાટક વિષે પ્રસ્તુત લેખના દૃષ્ટિબિન્દુએ આ મારા સામાન્ય વિચારો છે. વિચારો હોય તેવાજ દર્શાવતાં સંભવ છે કે ધર્મચુસ્ત કે ' અત્યારે ચાલે છે તેજ બહુ સારૂં છે ' એમ માનનારા જૈનબંધુઓની લાગણી કદાચ દુઃખાય તો તેઓની હું ક્ષમા યાચું છું, અને મારા વિચારોમાં જે કાંઇ સ્વીકારવા જેવા લાગે તે સ્વીકારીને અન્યની ઉપેક્ષા કરવા વિનંતિ કરૂં છું. જૈન બંધુઓના ક્ષમાભાવની તેમજ ઉદારતાની હજુ મને તો સવિશેષ અપેક્ષા છે, કારણ કે હવે પછીના વિભાગોમાં એવા કેટલાક વિચારો જણાવવાના છે કે જેમાં સૌ ભાઇઓ સહેલાઇથી સંમત થઈ ન શકે. મારો આશય શુદ્ધ છે તે ધ્યાનમાં લઇને જે લખાયું છે અને હવે જે લખાશે તે શાન્તિથી વાંચવા વિચારવા પુનઃ વિજ્ઞપ્તિ છે.

તા. ૨૬-૫-૨૦
મુંબઇ.

પરમાનંદ.

## आपणा केटलाक सामाजिक सवालो संबंधी चर्चा.

લેખક—ત્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી, એ, એલ એલ, બી.

(અનુસંધાન પૃષ્ટ ૧૨૭ થી)

આ સામાજિક સવાલોની ચર્ચાના ઉત્પાદક પોતાના લેખની શરૂઆતમાં ભાર દઇને-દાંડી પીટીને-જબરદસ્ત ઉદ્ઘોષણાપૂર્વક જણાવે છે કે-આપણી પ્રગતિ આપણે એવી રીતે કરવી જોઇએ કે જેથી દેશની પ્રગતિને તેની સાથે વિરોધ આવે નહિ. કોમની ઉન્નતિ કરવા માટેના પ્રાપ્ત થતા જે જે પ્રલોભનો સીધી યા આડકતરી રીતે દેશની પ્રગતિની આડે આવતા હોય તેનાથી દૂર રહેવું જોઇએ.

I am an Indian first and than a Parsi. હું પ્રથમ હિંદુસ્થાનનો વતની છું અને પછી પારસી છું-એવું ઉચ્ચ ભાવનાવાળું સર ફીરોઝશાહ મહેતાનું સૂત્ર યાદ કરી કોમની ઉન્નતિ કરતાં દેશની ઉન્નતિને અગ્રસ્થાન આપવું જોઇએ અને મહાન ખાતર વિભાગનો ભોગ આપવો પડે તોપણ આપવો એજ આપણી મુખ્ય ફરજ છે.

આ પ્રસંગે જણાવવું જોઇએ કે દેશમાં ચાલતી રાજકીય તેમજ સામાજિક હીલચાલમાં આપણે યથાશક્તિ જોઇએ તેટલા પ્રમાણમાં સારો ફાળો આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી અને તેનાં કારણો ઉચ્ચ કેળવણીની ખામી ઉપરાંત આપણી ડરપોક સ્થિતિ અને કેવળ સ્વાર્થસાધક અને સંકુચિત વણિક નજરથી કામ લેવાની પ્રવૃત્તિ પણ જણાઈ આવે છે. જૈન સમુદાયનો મ્હોટો ભાગ ગુજરાત અને મારવાડના પ્રદેશમાં વસનારો છે. હિંદુસ્તાનના બીજા ભાગ કરતાં આ પ્રદેશ રાજકીય પ્રવૃત્તિમાં ઘણો જ પશ્ચાત છે. હાલમાં કંઈક જાગૃતિ જણાતી હોય તો તે મહાત્મા ગાંધીજીના પ્રયાસને આભારી છે. ગુજરાતની તમામ પ્રજા અને તે સાથે જૈન પ્રજા પણ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વિશેષ મશગુલ રહેતી હોવાથી દરેક બાબતમાં તાત્કાળીક લાભની નજરથી કામ લેવા ટેવાયેલી છે અને તેથી રાજકીય હીલચાલ આપણે આગળ વધારી શકતા નથી. દેશના–કોમના લાભ કરતાં આપણા પોતાના ક્ષુદ્રક સ્વાર્થને આપણે વધારે મહત્વ આપીએ છીએ. પરમાર્થ બુદ્ધિથી–સ્વાર્થત્યાગવૃત્તિથી કામ લેવાનો ઉત્સાહ આપણે જોઈએ તેવો ખીલવી શક્યા નથી. આવા સંયોગો વચ્ચે ગોખલે, દાદાભાઈ, ગાંધીજી જેવા નરરત્નો આપણા સમુદાયમાંથી નીપજાવી શકીશું કે કેમ તે એક સવાલ છે. નાના મ્હોડે મોટી મોટી વાતો કરવાને બદલે, ઉચ્ચ પ્રદેશમાં વિહાર કરવાને બદલે આપણે હાલ તુરત તો નાની નાની બાબતોની સુધારણા તરફ જ લક્ષ્ય આપી સંતોષ માનવાનો રહે છે. આખી પ્રજાનું ભવિષ્ય પ્રજાની અગ્રગણ્ય વ્યક્તિઓના પ્રયાસ ઉપર આધાર રાખે છે અને સમસ્ત પ્રજા માટેના મોટા મોટા સવાલોમાં આપણે માથું મારવા જેટલી શક્તિ ધરાવતા ન હોઈએ તો પછી આખા દેશની પ્રજાની ઉન્નતિને આડે ન આવે તેવા પ્રકારની હીલચાલથી આપણા સમુદાયની પ્રગતિ માટે પ્રયાસ આદરવાની જરૂર છે. સમાજ–સુધારણા માટેના જુદી જુદી કોમના પોતપોતાને રૂચિકર–અનુકૂળ પ્રયાસોથી જે કંઈ કાર્ય સાધી શકાય છે તેથી એક રીતે કહીએ તો દેશનાયકોની વધારે વિશાળ ધોરણ ઉપર રચાયેલી ઉદાર હીલચાલ–પોતાના કાર્યક્ષેત્રની ભૂમિ એક સરખી કરવા જેવો પ્રયાસ આપણે કરીએ છીએ. આ ગણતરીથી જ જુદી જુદી કોમો તરફથી ભરવામાં આવતી કોન્ફરન્સો આવકારને પાત્ર છે અને આપણે પણ સત્તર અઢાર વરસથી પ્રતિવર્ષ આપણી કોન્ફરન્સ ભરવાનું શરૂ કરેલ, પરંતુ આપણી આરંભશૂર પ્રકૃતિને લઈ શરૂઆતમાં આ મહાદેવી કોન્ફરન્સની હીલચાલને આદરભાવથી આપણે આગળ વધારી શક્યા તેથી વિશેષ આદરભાવની વાત એક બાજુ ઉપર રહી–પરંતુ તેટલો પણ આદરભાવ–સતત ચાલુ નહિ બતાવી શક્યાથી ઘણું વધારે ખર્ચ પ્રતિવર્ષ થાય છે, એવું બહાનું આગળ કરી આપણે બબે વર્ષે કોન્ફરન્સ ભરવાનું ઠરાવેલ છે.

આ રીતે દર ત્રીજા વરસે કોન્ફરન્સ ભરવાના નિર્ણય ઉપર આવ્યા છતાં પણ હજુ કોન્ફરન્સ તરફ જૈન સમુદાયનો કેટલોક ભાગ અને ખાસ કરીને મુનિવર્ગ પૈકી કેટલાક મુનિ મહારાજાઓ ઉપેક્ષાભાવ દર્શાવે છે, એટલુંજ નહિ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવચિત્ વિરૂદ્ધ લાગણી પ્રગટ કર્યે જાય છે અને કોન્ફરન્સની હીલચાલને તોડી પાડવા માટેનો પ્રયાસ પણ સેવે છે, તેનું શું કારણ? તે સમજવાની-તેનો ખાસ અભ્યાસ કરવાની જરૂર છે કે જેથી કરીને કોન્ફરન્સની હીલચાલમાં તેમની નજરે જણાતું અનિષ્ટ તત્ત્વ દૂર કરવા યોગ્ય હોય તો તે માટે બનતો પ્રયાસ થઇ શકે.

શરૂઆતમાં એટલું તો કબુલ કરવુંજ પડશે કે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે અને તે ધોરણે છદ્મસ્થ મનુષ્યોનો સમૂહ પણ ભૂલને પાત્ર છે એટલે આવી દરેક હીલચાલ સર્વાંગે નિર્દોષ કે ભૂલ વગરની હોઇ શકે નહિ; પરંતુ આવી હીલચાલથી કવચિત્ નજીવા નુકશાન કરતાં પણ અસાધારણ લાભ પ્રાપ્ત થતો હોવાથી તે દરેક વ્યક્તિના આદરને પાત્ર હોવી જોઇએ. ઘણી વખત કરવામાં આવતી ભૂલોથી પણ નવું નવું જાણવા-જોવાનું-શીખવાનું મળે છે અને નિષ્ફળતા અમુક દૃષ્ટિએ રહેલી છે એ મુદ્દાની હકીકત લક્ષ્યમાં રાખી આવી મહત્ત્વની--ઘણી ઘણી રીતે ઉપયોગી હીલચાલ સામે ચેડાં કાઢવાને બદલે-બારીક દૃષ્ટિથી તેના છિદ્રો શોધવાને બદલે પ્રત્યેક જૈન નામ ધારક વ્યક્તિએ અને ખાસ કરીને સમુદાયના આગેવાન તરીકે જેમને માથે મોટી જવાબદારી રહેલ છે તેવા દરેક મહાન પુરૂષે ભલે તે સાધુજીવન ગુજારતો હોય અગર શ્રાવક ( ગૃહસ્થ ) જીવન ગુજારતો હોય તેણે તેના પૂર્વના ઈતિહાસનો અભ્યાસ કરી-તેની આધુનિક મંદ ગતિના કારણોનું સંશોધન કરી કોન્ફરન્સની હીલચાલને વધારે સતેજ-ત્વરિત ગતિવાળી અને વધારે ને વધારે લોકપ્રિય બનાવવા માટે પોતા તરફનો સંપૂર્ણ ફાળો આપવાની જરૂર છે.

આ ચર્ચાના વિદ્વાન્ ઉત્પાદકે સામાજિક સવાલોની ચર્ચામાં આપણી કોન્ફરન્સનેજ અગ્ર સ્થાન આપેલ હોવાથી ઉપર મુજબના લંબાણ ઉપોદ્ઘાતથી તેજ વિષય ઉપર ઉહાપોહ કરવાની હાલ તુરત જરૂર ધારવામાં આવે છે.

વર્તમાન યુગમાં કોન્ફરન્સ જેવી હીલચાલની સમુદાયની સર્વદેશીય ઉન્નતિ માટે અનિવાર્ય આવશ્યકતા છે તેવું પ્રતિપાદન કરવા માટેની દલીલો કરવાની હવે લેશ માત્ર જરૂર નથી; પરંતુ આ હીલચાલ વધારે મજબુત સ્વરૂપ ધારણ કરી સમુદાયની પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણપૂર્વકના આદરને પાત્ર કઇ રીતે થઇ પડે તે માટે ખાસ વિચાર કરવાની જરૂર છે.

કોન્ફરન્સની વર્તમાન સ્થિતિના કારણોની તપાસ કરતાં રા. રા. મોતીચંદભાઇ પ્રથમ કારણ તરીકે કોન્ફરન્સને વિચારક મંડળને બદલે કાર્યગ્રાહી વ્યવસ્થાપક મંડળ બનાવવાની શરૂઆતથી થયેલ યોજનાના ધોરણને આગળ કરે છે; પરંતુ મારા નમ્ર અભિપ્રાય મુજબ કોન્ફરન્સે માત્ર વિચારક મંડળ તરીકેજ કામ કરવાનું ચાલુ રાખ્યું હોત અને કેવળ વિચાર-બળ કેળવવા તરફ જ લક્ષ્ય આપ્યું હોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો આપણે હાલના કરતાં કંઈક જુદીજ સ્થિતિ અનુભવતા હોત એમ સંભવતું નથી. જૈનેતર કોમોની કોન્ફરન્સોએ જે તે કોમની પ્રગતિમાં આવકારદાયક વધારો કર્યાનું દષ્ટિગત થાય છે તે ખાસ કરીને તેમની કોન્ફરન્સોએ કેળવણી જેવા મુખ્ય અને અગત્યના વિષયને અગ્રસ્થાન આપી કેળવણીના મહદ કાર્યને સંગીન રીતે પુષ્ટિ મળે તેવાં મોટાં મોટાં ફંડો એકઠા કરી અનુકૂળ યોજનાઓ ઘડી કામ લીધું તેનેજ આભારી છે, તેમ આજુબાજુ નજર કરવાથી જણાય છે. જો કે આ પ્રસંગે એટલું કબુલ કરવું પડશે કે આપણે એકદમ શરૂઆતમાંજ એકલા કેળવણી જેવા મુખ્ય વિષય તરફ જેટલું જોઇએ તેટલું ધ્યાન નહિ આપતાં જુજ ફંડ થતાં જીર્ણ ચૈત્યોદ્ધાર, જીર્ણ પુસ્તકોદ્ધાર, જીવદયા, જૈન ડીરેકટરી, નિરાશ્રીતને આશ્રય વિગેરે વિગેરે ઘણી ઘણી બાબતો ઉપાડી લેવામાં આવ્યાથી અને પાછળથી આ બધા જુદા જુદા ખાતાઓના ફંડને જોઇએ તેવી પુષ્ટિ નહિ મળ્યાથી આપણી કોન્ફરન્સની સ્થિતિ કંઈક કફોડી થઈ પડી છે. શરૂઆતમાં મુંબઇની કોન્ફરન્સ વખતે આપણે કંઈક સારૂં ફંડ એકઠું કરી શકયા, પરંતુ પાછળથી આ ફંડને જોઇએ તેવી સારી પુષ્ટિ મળી શકી નહિ, એટલું જ નહિ પણ અમદાવાદ અને તે પછીની કોન્ફરન્સો વખતે આ કોન્ફરન્સ હસ્તકના ફંડને પુષ્ટ અને વધારે સંગીન બનાવવાને બદલે નવા નવા ફંડોની સ્થાપના કરવામાં આવી અને તેની વ્યવસ્થા માટે મનગમતી સ્થાનિક યોજનાઓ કરવામાં આવી. આથી કરીને પરિણામે કોન્ફરન્સ તરફથી કામ કરતા આગેવાનો તરફ બીજા કારણો સાથે આ કારણથી પણ કંઈક અવિશ્વાસની શરૂઆત થઈ. જો કે ઉપર જણાવ્યા મુજબ નવા નવા ફંડોની સ્થાપના અને તેની વ્યવસ્થા માટેની સ્થાનિક યોજનાઓ કરવામાં આવી તે વખતે આગેવાનોના દીલમાં કોન્ફરસના આગેવાનો તરફ કિંચિત્ પણ અવિશ્વાસનો આવિર્ભાવ હશે નહિ, પરંતુ તેથી પરિણામે કોન્ફરન્સની હીલચાલને કંઇક અંશે નુકશાન પહોંચ્યું ખરૂં. આ બાબતમાં વધારે વિચાર કરતાં સ્પષ્ટ રીતે જણાય છે કે સામાન્ય જનસમુદાયની કેટલીક સ્વાભાવિક ખાસીયતોને વશ થઈ આપણા આગેવાનો હાથ ધરેલ કાર્યને સંગીન ઉત્તેજન આપવાને બદલે, ધાર્મિક કે પારમાર્થિક બુદ્ધિથીજ નહિ પરંતુ ઘણે અંશે માન ખાટવાની કે કીર્ત્તિ મેળવવાની વૃત્તિથી તેમજ પોતાનો કકોજ ખરો મનાવવાની ગણતરીથી નવા નવા ખાતાંઓ સ્થાપવા તરફ લલચાય છે અને પરિણામે એક પણ સંસ્થા યોગ્ય મદદના અભાવે નમુનેદાર કે આદર્શરૂપ થવા ભાગ્યશાળી થઇ શકતી નથી. આ પ્રસંગે એટલું જ જણાવવું જરૂરનું થઇ પડે છે કે આપણી ધાર્મિક સંસ્થાઓના બંધારણો કેવા ધોરણ ઉપર રચાવા જોઇએ—તેની વ્યવસ્થા કઇ લાઇને થવી જોઇએ—ઉદારતાના પ્રવાહને કઇ દિશા તરફ વાળવો જોઇએ વગેરે બાબતમાં—"How to organise our charitable institutions." તેવા કોઈ મથાળા નીચે સ્વતંત્ર લેખ લખાવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસ્તુત વિષયના અંગે આપણે જોઈ ગયા કે શરૂઆતથી જ આપણી કોન્ફરન્સને ફક્ત વિચારક મંડળ તરીકે ચાલુ રાખવાને બદલે કાર્યગ્રાહી વ્યવસ્થાપક મંડળ બનાવવાની આપણા આગેવાનોને તે વખતે જરૂર જણાઈ અને તેને પરિણામે ફક્ત એકાદ કેળવણી જેવા અતિ ઉપયોગી વિષય તરફ ધ્યાન ન આપતાં કોન્ફરન્સની હીલચાલ કેવળ એકદેશીય ન બની જાય-ફક્ત કેળવણીના વિષયમાંજ વધારે હિત લેતાં નવિન વિચારના કેળવાયેલા યુવક વર્ગના હાથમાં તેનું સુકાન ન આવી પડે અગર તો જુજ સંખ્યા ધરાવતા મંડળના હસ્તક તેની કાર્ય-રેખા ન આવી પડે તે ખાતર સમુદાયને ઉપયોગી લગભગ તમામ બાબતોની સુધારણાના કાર્યને એક સાથે ઉપાડી લઈ જુદી જુદી દિશામાં કામ કરતા તમામ વર્ગને સંતોષવાની વૃત્તિથી-પોતા તરફ આકર્ષણ કરવાની ભાવનાથી-સર્વત્ર લોકપ્રિય થવાની ગણતરીથી કોન્ફરન્સના આગેવાનોએ તેના કાર્યપ્રદેશનો વિસ્તાર ઘણો વિશાળ રાખ્યો એટલે તે કારણને પણ કેટલેક અંશે કોન્ફરન્સની વર્તમાન કઢંગી સ્થિતિ માટે જવાબદાર ગણી શકાય ખરૂં.

આ પ્રકારની સ્થિતિ છતાં પણ મુંબાઈની કોન્ફરન્સના વખતે તેમજ ત્યાર પછીની કોન્ફરન્સ પ્રસંગે આપણે વધારે મોટા પ્રમાણમાં આર્થિક મદદ મેળવી શકયા હોત અને સાથે સાથે જૈનસમુદાયમાંથી વધારે મોટા પ્રમાણમાં નિઃસ્વાર્થવૃત્તિથી કામ કરનારા મેળવી શકયા હોત તો આપણી સંસ્થાનું ઘણી રીતે સંતોષજનક ભવિષ્ય ખડું થયું હોત.

એક સાધારણ દાખલાથી આ બાબત વધારે સ્પષ્ટ કરતાં જણાય છે કે સાધારણ રીતે આપણે જૈન કોમ, લુહાણા કોમ કરતાં ઔદ્યોગિક પ્રવૃતિમાં કેળવણી વિષયક સ્થિતિમાં-ઉદારતાથી પરમાર્થિક કાર્યોમાં-દ્રવ્ય ઉપરની મૂર્છા ઉતારવામાં કોઈ રીતે ઉતરતી નથી, છતાં લુહાણા કોમ કોન્ફરન્સની એકજ વખતની બેઠકમાં કેળવણીના કાર્ય માટે રૂપૈયા પચીસ લાખ જેટલી મોટી રકમ એકઠી કરી શકે-અરે! ઔદીચ બ્રાહ્મણ કોમ ત્રણ-ચાર લાખ રૂપૈયા જેટલી એકઠી કરી શકે અને આપણને આર્થિક મદદ મેળવવા માટે ફાંફા મારવા પડે તેનો શું અર્થ ? આ લડાઈના પ્રસંગ દરમીયાન આપણા મોટા મોટા વ્યાપારીઓએ લાખો રૂપૈયાની કમાણી કરેલ છે, અન્ય બાબતોમાં ગતાનુગતિક રૂઢીથી લાખો રૂપિયાનું પાણી થયે જાય છે, છતાં પણ સમુદાયની સર્વદેશીય પ્રગતિસાધક કેળવણીના સંગીન કાર્યને જોઈએ તેવી મદદ મળતી નથી અને પરિણામે સુકૃત ભંડાર જેવી યોજનાની નિષ્ફળતા જણાતાં જૈનપંચાયતફંડ જેવી યોજના બ્હીતા બ્હીતા આગળ મૂકવી પડી છે, તેનો શું અર્થ ? આવી યોજનાને મોટા મોટા જૈનોની ભરચક વસ્તિવાળા શહેરોજ કોઈ પણ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગભર થવા દે નહિ–કોઇનું આપે નહિ તેનો શું અર્થ ? 'ગામમાં જવાના સાંસા ત્યાં પટેલને ત્યાં પાણી મૂકાવાની ' વાતો કરીએ તેનો શું અર્થ ? ધારીએ તો આખા હિંદને સમસ્ત ભારતવર્ષને કેળવણીની સંસ્થાઓથી નવાજી શકીએ, ગામોગામ બોર્ડીંગો કરી શકીએ, એક વર્ષના પર્યુષણના ખર્ચથી એક એક યુનિવર્સિટી ઉત્પન્ન કરી શકીએ, મોટા શહેરના એકેક નવકારશીના જમણથી હાઇસ્કુલ સ્થાપી શકીએ, ખાલી આડંબર દેખાડવાના હેતુથી, કેવળ વાહ વાહ કહેવરાવવા ખાતર ચડાવવામાં આવતા વરઘોડાના ખર્ચોથી શહેરે શહેર વિદ્યાર્થીગૃહો સ્થાપી શકીએ, મ્હોટા આડંબરથી કાઢવામાં આવતા સંઘો પાછળ થતા ખર્ચથી હજારો વિધવાઓનો કેવળ દુઃખી જીંદગીમાંથી ઉદ્ધાર થઇ શકે તેવા વિધવાશ્રમો સ્થાપી શકીએ; પરતુ કોમના નશીબમાં તે દિવસ કયાંથી ? આવા ખ્યાલી વિચારો માત્ર કરવાથી શું ફાયદો ? જ્યાં સુધી સમુદાયની પ્રત્યેક વ્યકિત સમાજ પ્રત્યેની–પોતાની કોમ પ્રત્યેની પોતાની ફરજનો–જવાબદારીનો યથાર્થ વિચાર કરતી ન થાય ત્યાં સુધી લક્ષ્ય સ્થાન તરફ એક ડગલું પણ આગળ વધવાની આશા કઇ રીતે રાખી શકાય ? આવી દુઃખદ દયાજનક સ્થિતિનું કારણ શ્રીયુત મોતીચંદભાઈ જણાવે છે તેમ આપણો પ્રમાદ અને જવાબદારીના સ્થાનપર તે સ્થાનને અયોગ્ય માણસોનો સ્વીકારજ જણાઈ આવે છે. કારણકે બીજા પણ કારણો કલ્પી શકાય તેમ છે; પરંતુ વધારે વિચાર કરતાં તે ઉપરના મુખ્યમાં અંતર્ગત ગણી શકાય છે, તેમજ આ બાબતની વિશેષ ચર્ચાથી કંઇક વિષયાંતર થઇ જાય છે માટે પ્રસ્તુત વિષય ઉપર આવતાં ઉપરની ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે કોન્ફરન્સની વર્તમાન સ્થિતિ તે વિચારકમંડળમાંથી કાર્યગ્રાહી વ્યવસ્થાપક મંડળ બનવાથી થઇ હોય તોપણ અન્ય કોમોની કોન્ફરન્સોની અદ્યાપિ સુધીની પરિસ્થિતિ જોતાં આવો ફેરફાર આવશ્યક હતો એટલું તો કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી.

કોન્ફરન્સ કેવળ વિચારકમંડળ રહે તેથી જોઇએ તેવો લાભ પ્રાપ્ત કરી શકાય નહિ. અમુક બાબત જરૂરની છે, અમુક બાબત અમુક રીતેજ થવી જોઈએ, અમુક બાબત નુકશાનકર્તા છે–કોમની પ્રગતિને બાધ કરનાર છે, એવા એવા વિચારો પ્રદર્શિત કરી, ઠરાવો પસાર કરવાથી અને ખાલી યોજનાઓ રજુ કરવાથી શું લાભ ? સાધારણ રીતે બન્યું છે તેમ તે તો ફક્ત કાગળ ઉપરજ રહે. કોન્ફરન્સના આગેવાનોજ–કોન્ફરન્સના કાર્યમાં આગળ પડતો ભાગ લેનારાઓ જ કોન્ફરન્સના ઠરાવ તરફ બેદરકારી બતાવે, ઠરાવ વિરૂદ્ધ વર્તન કરે, કોન્ફરન્સના સ્ટેજ ઉપર આવી લાંબા લાંબા ભાષણ કરનારાઓજ કોન્ફરન્સે પસાર કરેલ ઠરાવો ઉપર પાણી ફેરવે તોપછી કોન્ફરન્સની વિચારક મંડળ તરીકેની સ્થિતિથી શું સાર્થકતા ? સબબ કોન્ફરન્સને હસ્તક તેના ઠરાવોનો અમલ કરવા પુરતી કંઇક સત્તા રહેવી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ અને આવી સત્તા કોન્ફરન્સ વિચારકમંડળ ઉપરાંત કંઇક practical કાર્ય કરી શકે તેવું વ્યવસ્થાપક મંડળ બને તોજ તે મેળવી શકે અને તેનો અમુક રીતે ઉપયોગ કરી શકે. કોન્ફરન્સના ઠરાવોના અમલ સંબંધમાં વધારે વિવેચન કરવાનું હાલ તુરત મુલતવી રાખી આ ચર્ચાના વિદ્વાન્ ઉત્પાદકની પદ્ધતિને અનુસરતાં તેમણે ચર્ચા માટે રજુ કરેલ બીજા કારણના સંબંધમાં હવે આપણે વિચાર કરીએ.

બીજા કારણ તરીકે વિચારસ્વતંત્રતાના જમાનામાં પ્રાચીન સત્તા અને સ્થાપિત હકોને આ નવીન સર્વગ્રાહી બંધારણને અનુરૂપ થતાં લાગેલ આઘાત, પરિણામે કરેલો પ્રત્યાઘાત અને વિચાર દર્શનમાં કોઇ અંશે ગુપ્ત વિરોધોનો આવિર્ભાવ આગળ કરવામાં આવે છે. આ કારણની ચર્ચામાં વિદ્વાન્ બંધુએ ચારે બાજુનો વિચાર કરી પોતાના ઉંડા અભ્યાસ અને દીર્ઘકાલીન વિચારના ફળરૂપે જે નિચોડ તારવી કાઢેલ છે તે હાલની વસ્તુસ્થિતિ જોતાં અક્ષરશઃ સત્ય અને યથાર્થ જણાય છે.

# मर्यादा लोप.

સર્વમાન્ય કથન છે કે—વડિલોની, ધર્મગુરૂઓની, શિક્ષકોની, ધર્મમાર્ગી-સજ્જનોની અને સત્યવક્તાઓની સહકારભરી આજ્ઞામાં રહેવું. વ્યવહારમાં, સમાજમાં કે જાહેર મેળાવડાઓમાં આડાઅવળા મરડીમચરડીને વાકયોના પ્રહારો મન, કર્મ અને વાણીથી તેઓના ઉપર કદિપણ કરવા નહિ અને ન્હાનાઓની સ્હોટાઓ તરફ જે મર્યાદા છે તેનો કોઇ પણ દ્રષ્ટિએ કિંચિત્ માત્ર પણ લોપ થવા દેવો નહિ.

વર્તમાન સમયમાં એક યુવાન સાધારણ રીતે અંગ્રેજી ભણ્યો અને બોલી ચાલીમાં ચતુર નિવડ્યો કે તુરત ધર્મધુરંધર ભવી આત્માઓને ધિક્કારવા માંડશે, તેમના આચાર વિચારોને કોઇ પણ પ્રયાસે ત્રોડી નાંખવા ગમે તે ભોગે પ્રયાસ આદરશે, અને પોતે હુશીયાર અને કળાનિપૂણ છે તેમ ઘડીભર પોતાના વખાણનારા અને હાજીહા મંડળમાં સાબિત પણ કરાવશે. જો કે આમ દરેક અંગ્રેજી ભણનારા કરતા હશે તેમ કહી શકાય નહિ, કારણકે આમ થવાનું કારણ સ્વધર્મની પૂરેપૂરી અજ્ઞાનતા અને પોતાનું તેજ સારૂં, તેમ પોતે સ્વીકારી અન્ય પાસે સ્વીકારાવવાની અહંભાવ ભરી મહત્વાકાંક્ષા. આંગ્લભાષા સાથે જેઓને સ્વધર્મનું અને વ્યવહારનું જ્ઞાન છે તેઓ તો અપવાદરૂપ હોઇ શકે પણ જેઓ તે સિવાયના છે તેઓ તો જરૂર મર્યાદાનો લોપ કરે જ છે. તેમ વીશમી સદીના જમાના ઉપરથી જોઇ શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ મેટ્રીક, બી. એ. કે એમ. એ. થયેલો જૈનબંધુ એમ અભિમાન લાવે કે, પોતે પોતાના પિતા કરતાં યા તો અમુક વૃદ્ધ સદગૃસ્થ કરતાં વધારે ડાહ્યો અને શાણો તથા ઠરેલ મગજનો છે, તો તે ગંભીર ભૂલ કરે છે; કારણકે, જેમને ૫૦ વર્ષ થયા છે તેમનામાં જે ઠરેલપણું, સહનશીલપણું અને સમભાવપણું આવેલું હોય છે તે ૩૦ વર્ષના એમ. એ. માં કદિ આવેલું હોતું નથી. વૃદ્ધ મગજના વિચારો વધારે શાન્ત, ઠરેલ, પાકટ અને મર્યાદાવાળા હોય છે, જ્યારે ડીગ્રીઓવાળા યુવાન ભાઇઓના વિચારો કેટલીક વખત તરંગો જેવા હોય છે, કે જેઓ ઘણી વખત ઠોકરો ખાઈ પગ ભાંગી બેસે છે.

માટે દરેક ભણેલાઓએ પુખ્ત વિચારના સદ્ગૃહસ્થોની અવશ્ય સલાહ લેવી.

વડીલોની મર્યાદાનો લોપ તેજ ધર્મની પડતી છે. ધર્મની પડતી એટલે શહેર અને દેશની પડતી છે, તેથી પરિણામે મર્યાદાના લોપે કરીને અધઃપતનમાં જવાનો માઠો વખત આવે અને છેવટ જતાં પસ્તાવું પડે.

મર્યાદાનો લોપ કેવે સ્થળે થવો શક્ય છે? કાવ્યમાં, લખાણમાં, ન્હાની મ્હોટી સભાઓમાં, ગેધેરીંગોમાં, નાટકોમાં, વાતચીતમાં અને ઉડતી વાતો કાને અથડાવવામાં. આ પ્રસંગો સિવાય ધર્મના સ્થળોમાં પણ મર્યાદાનો લોપ જુદી જુદી દ્રષ્ટિએ થઈ શકે. વૃદ્ધ મનુષ્યો પણ ઘણી વખત મર્યાદાના લોપનો ભોગ થઇ પડે છે, પરન્તુ મુખ્યતઃ તેઓ વધારે શાન્ત પ્રકૃતિ અને વૃત્તિવાળા હોય છે, જેથી તેવા લોપથી બહુ માઠા પ્રસંગો જન્મ પામતા નથી.

હાલનો યુવાન વર્ગ મુરબ્બીઓનું સામાજિક તેમજ ધાર્મિક દ્રષ્ટિએ પૂરતું માન જાળવી, તેમની આજ્ઞામાં તેમજ શુદ્ધ મર્યાદામાં રહી, કેન્દ્ર ( Goal ) તરફ પહોંચવાનું મુકરર કરે, તો વેળાસર પહોંચી શકે અને પ્રસંગોપાત્ ઉપસ્થિત્ થતાં સેવાનાં કાર્યો, સદ્ભાવનાં કાર્યો, લાગણીનાં કાર્યો, અરે કીર્તિનાં કાર્યો અને ગુપ્ત કાર્યો બહુ સારી રીતે સિદ્ધ થઈ શકે અને તેવા કાર્યોના તત્ત્વો ચિરસ્થાયી બની શકે. મ્હોટા પુરૂષોની મર્યાદાનો લોપ કરવો તે જબરજસ્ત પાપ કરવા બરોબર છે, મ્હોટા પુરૂષોનું જાણી બુજીને કે આડકતરી રીતે, અપમાન કરવું, તે અધર્મ કાર્ય બજાવ્યા જેવું છે. મુરબ્બીઓની સલાહ સિવાયના કાયો રૂપા ઉપર કરેલા સોનાના ઢોળ જેવા પીળા જણાશે, જે ઘડીભર દિલને ખુશ કરી શકશે, પણ તેની કિંમત સોના જેટલી નહીં ઉપજે. આવી બીના સર્વમાન્ય જેવી જણાતી હોવાથી, શુદ્ધ ભાવે આ લેખ સો કોઈની સુધારણા માટે લાગણી પૂર્વક લખી ઉત્તમ ભાવો સાથે વિરમું છું.

ગુલાબચંદ મૂળચંદ બાવિશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुंबइमां मळेली जैनोनी जंगी सभा.

ભાયખલાની જમીન ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ લે તે તરફ સખત નાપસંદગી.
આચાર્યશ્રી વિજયધર્મસૂરિનો ઉપદેશ.
રા. મોતીચંદભાઇ સોલીસીટરે રજુ કરેલા મુદ્દા.
"કોઇપણ ભોગે તે જમીન રાખવાનો પોકાર."
મુંબઇ સરકારને મોકલેલો તાર.

તા. ૨૫-૭-૨૦. ને રોજ જૈનોની એક જંગી સભા શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે શ્રીગોડીજીના ઉપાશ્રયે મળી હતી. ભાયખલાના જૈન દેરાસર નજદીક એક જમીનનો ટુકડો છે, તેનો ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ કબજો લેવા માગે છે અને સરકારે તેમાં સંમતિ આપેલી છે, તેથી તે તરફ વિરોધ દર્શાવવાને આ સભા મળી હતી. બાનુઓની પણ મોટી હાજરી હતી અને વ્યાખ્યાનનો ટાઇમ હોવાથી આચાર્યશ્રી વિજયધર્મસૂરિ પણ બીરાજેલા હતા.

આચાર્ય મહારાજશ્રીએ જૈનોએ પવિત્ર જમીનો જૂદે જૂદે સ્થળે કેટલા ભોગે અને કેટલી હાડમારી પછી પ્રાપ્ત કરી છે તેનો દાખલા અને દલીલો સહિત ચિતાર રજુ કર્યો હતો, અને એવી જમીન જતી હોય ત્યારે શ્રાદ્ધવિધિમાં તેવા વખતે દેરાસરમાં જઇને સુઇ રહેવાનો સત્યાગ્રહ પણ કરેલો છે એ જણાવ્યું હતું. વ્યાખ્યાન સચોટ અને અસરકારક હતું. સભાનું કામકાજ શરૂ થતાં મોતીચંદભાઇ સોલીસીટરે ભાયખલાની જમીનની બાબતમાં સરકારનું શું વલણ છે તે સમજાવ્યું હતું. સરકાર ૨૨૦૦ વાર જમીનનો ટુકડો શહેરના મધ્યભાગમાં પડી રહેવા દે તે પાલવે નહિ. અરજીઓ કર્યાથી ધાર્યું ફળ નહિ આવે તો ડેપ્યુટેશનને જવાની જરૂર પડશે. તેવી વખતે સરકારને કદાચ કોઇ વચન આપવાની જરૂર પણ પડે, તેથી તે બાબતનો ઠરાવ પણ આજે કરી નાખવો જોઇએ અને કમીટીને તે સત્તા આપવી જોઇએ. વળી આ જમીનની બાબતમાં પાછળથી અંદર અંદર તકરાર ઉભી ન થાય તેને માટે પણ યોગ્ય વિચાર કરવો જોઇએ. છેવટે તેમણે મુદ્દા રજુ કરતાં જણાવ્યું કે હવે આગલ કરેલી ભૂલો પ્રમાણે આ જમીનપર આંખ મીચામણાં કરવા છે કે રાખવી છે ?

ઉત્તરમાં "કોઇપણ ઉપાયે રાખવી છે" એવો પોકાર. તો પછી કદાચ ડેપ્યુટેનને એમ કહેવાનો વખત આવે કે "ચાલીઓ અમે બંધાવીશું ?" તો લગભગ દર લાખ રૂપિયા જેટલું ખર્ચ થાય તે કરવા ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તરમાં હા–હા– નો પોકાર. તો પછી તે બાબતનો ઠરાવ આજેજ કરી નાખો. અને એક તાર મુંબઇ સરકારને અને એક પત્ર ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટને આ બાબતનો શ્રીસંઘ તરફથી લખાવો. ત્યાર પછી હાથીભાઇ કલ્યાણજી, સાંકળભાઇ મગનભાઇ મોદી, રતનચંદજી શીયા, હીરાલાલ બકોરદાસ, શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરી અને બીજા કેટલાકોએ ટેકો આપવાની ઇચ્છાથી કેટલાંક વિવેચનો કર્યાં હતાં.

પરંતુ આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવો જોઇએ એવો સંઘનો આગ્રહ થવાથી નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. શેઠ રતનચંદ ખીમચંદનો આ જમીનના સંબંધનો એક પત્ર આ વખતે આવ્યો તે મણિલાલ સુરજમલે શ્રીસંઘને વાંચી સંભળાવ્યો હતો. અને તે સંબંધમાં પણ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

૧ આજે મળેલ મુંબઇનો શ્રી સંઘ સર્વાનુમતે ઠરાવ પસાર કરેછે કે—શ્રીભાયખલાના મંદિરની પછવાડેની ખાલી જગ્યાના સંબંધમાં જરૂરી પગલાં ભરવાનું કાર્ય કરી કામ ચાલુ રાખવું, મંદિરની પવિત્રતા જળવાઇ રહે તેવીરીતે યોગ્ય પગલાં ભરવા અને જરૂર પડે તો તે સંબંધી શ્રી સંઘનીવતી યોગ્ય વચન આપવાની સત્તા સદરહુ કમીટીને આપવામાં આવે છે. એ સંબંધી જરૂર પડે તો ડેપ્યુટેશન મોકલવું અને તેને પણ યોગ્ય સત્તા આપવી.

૨ શેઠ રતનચંદ ખીમચંદનો પત્ર રજુ કરવામાં આવ્યો. તેમને જણાવવું કે ‘ આ જગ્યાના સંબંધમાં શ્રી સંઘે નીમેલ કમીટી સાથે મળીને તમારે કામ લેવું. આ બાબતમાં છુટા છવાયા પ્રયત્ન કરવાથી નુકશાન થશે એમ લાગે છે તે બાબત ખાસ જણાવવું. ’

૩ નામદાર સરકાર ઉપર તારથી જણાવવું કે ‘ શ્રી મુંબઇના જૈન સંઘની આ બાબતમાં લાગણી ઘણીજ તીવ્ર છે અને તે સંબંધમાં અરજી મોકલવામાં આવે છે. દરમીયાન જમીન કબજે લેવાનું કામ મુલતવી રાખવા વિનંતિ છે. ’

તે પછી પ્રમુખ સાહેબનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

For Private And Personal Use Only

# આ जमानो विज्ञानदृष्टिनो कहेवाय के नहीं ?

( સુંદરીસુબોધ. અંક ૧૧–૧૨ )

મારા મિત્ર! જેને તમે **વિજ્ઞાન દ્રષ્ટિ એટલે સુધરેલો જમાનો** કહો છો તે તેમ નથી, કારણકે વિજ્ઞાનદ્રષ્ટિ જમાનાના જે લક્ષણ છે તે એમાં એક **પણ નથી.** સુધરેલા જમાનામાં શરમ, લજ્જા, મર્યાદા, વિવેક, પરોપકાર આદિ અનેક ગુણો જોઇએ તે માંહેલા હાલના જમાનામાં એક પણ દ્રષ્ટિગોચર થતા નથી. ઉલટું તેના બદલામાં બેશરમી, નિર્લજતા, અમર્યાદા, અવિવેક અને સ્વાર્થ આદિ દુર્ગુણો વિશેષ દેખાય છે. મોટાઓની આબરૂ ન સાચવવી, ઋષિ મુનિઓનાં વાકય ઉપર શ્રદ્ધા ન રાખવી, ધર્મપુસ્તકો તે થોથાં માનવાં અને ઇશ્વરની પણ ઓદણી ખોદવામાં વિદ્વત્તા માનવી–એનું નામ જો વિજ્ઞાનદ્રષ્ટિ જમાનો હોય તો મારાથી એ વાતની ના કહેવાય નહીં! એ બધો પ્રતાપ પોતાનાં ધર્મપુસ્તકો વાંચ્યા વગર અન્ય ધર્મનાં પુસ્તકો વાંચવાનો જ છે. જો પહેલાં પોતાના ઋષિ મુનિનાં કરેલાં પુસ્તકો વાંચી પછી અન્ય ધર્મનાં પુસ્તકો વાંચ્યા હોત તો આવી બુદ્ધિ થાત નહીં. વિજ્ઞાનદ્રષ્ટિ જમાનામાં આયુષ્ય, બળ, બુદ્ધિનો વધારો થવો જોઇએ. નહીં કે ટુંકા આયુષ્ય, બલહીનતા અને દરેક વસ્તુમાં પરાધીનતા હોવી જોઇએ. યુરોપવાસીઓ સુધરવા માટે યત્ન કરે છે અને તે માટે અખતરાઓ કરે છે. સુધરવા માટે તન મન ધનથી મથે છે. એ દેશોમાં સુધરવા માટે અનેક જીવોના ભોગ અપાય છે, અસંખ્ય રૂપિયા ખરચાય છે, તેથી તે લોકો એક દિવસ જરૂર સુધરશે. હજુ તે લોકો પણ અખતરાના ચગડોળ ઉપર ચડ્યા છે. તે ચક્કર ફરતે ફરતે જ્યારે ઠેકાણે આવશે ત્યારે તે સમય આર્યાવર્ત્તના પ્રાચીન સમય સાથે મળતો આવશે. ભારતવાસીઓ અત્યારે પોતાને સુધરેલા માને છે એ તો નવાઇ જેવું છે! કોલર નેકટાઇ બાંધી, બુટ પહેરી જમતાં શીખ્યા એટલાથી જ પોતે સુધરેલામાં ખપતા હોય તો કોણ ના કહે? જેઓની નક્કલ કરવા જાઓ છો તેઓના સારા ગુણોની નક્કલ કરશો તો સારું છે. તમો પોતે પણ વિચાર કરશો કે કોલર નેકટાઇ તો એક બાજુએ રહ્યાં અંગ ઢાંકવા પૂરતાં લુગડાં ને પેટ ભરી ખાવું તેનો આધાર પણ જે પ્રજાનો આપણે અનુકરણ કરીએ છીએ તેની દયા ઉપર જ છે, તેવી સ્થિતિને તમો વિજ્ઞાનદ્રષ્ટિ જમાનો ગણતા હો તો તે હાસ્ય જેવું છે. ચોટલી કપાવી આગળ બાબરી રાખી અને ત્રિકાળ સંધ્યાની જગ્યાએ ખડખડના આચમની, તરભાણી અને પંચપાત્રના બદલામાં પ્યાલા, રકાબી અને કીટલી ખખડાવવાં અને શ્રી ગંગાજીના જંતુનાશક પવિત્ર જળના બદલામાં ચા કે તેને લગતા પદાર્થના આચમન કરવાં, દેવતાઓનાં જીવનચરિત્ર વાંચી

તેમાંથી વીરતા અને પવિત્રતાનો લાભ લેવાને બદલે શૃંગાર રસ ભરેલાં નોવેલ વાંચી કુટેવો શીખવી અને દેવમંદિરમાં જઇ તેઓએ દીપેલી દેશસેવા કે પરઉપકારના કામની છાપ મન ઉપર પાડવાના બદલામાં નાટકશાળા અને સીનેમામાં જઇ ધનનો વ્યય કરી કુછંદોમાં પડતાં શીખવું—આમાં બિલકુલ વિજ્ઞાનદ્રષ્ટિ જમાનાને સંભવેજ નહીં! અને તો હજુ આ જમાનામાં ગાંડીનાં અને પડતીનાં ચિન્હોજ જણાય છે. સુધરવા માટે કે વિજ્ઞાનદ્રષ્ટિ થવા માટે હજુ ઘણા દિવસ રાહ જોવી પડશે. "ફેશન" અને "એટીકેટ" ના વાયરા એટલા બધા જોરમાં ચાલી રહ્યા છે કે જે ધનાઢ્યોનાં મૂળ પાતાળમાં ગયેલાં હતાં તેઓ પણ હાલમાં ડોલ્યા છે. જ્યારે આ ફેશનગીબીના ફંદામાંથી નીકળી સારી, નિર્મળ અને સ્વતંત્ર જીંદગી ભોગવતા થઇ પોતાના પગ ઉપર ઉભા રહેવા શીખશું ત્યારેજ સુધરવાનો માર્ગ જડશે એ ખાત્રી રાખશો. તે વગરના "સુધરેલા" હજાર અભણો કરતાં પણ ભુંડા છે. માટે આ જમાનો વિજ્ઞાનદ્રષ્ટિનો ન ગણતાં સુધરવાના યત્નમાં રહેલો તો બસ છે.

## स्फुट नोंध अने चर्चा.

પ્રત્યેક માસમાં આવતા પર્વોની યાદીનાં દરેક સત્તાવીશ અઠ્ઠાવીશ દિવસને અંતરે રોહિણી પર્વ આવે છે. આ પર્વ ખાસ આરાધના લાયક—ધ્યાન ખેંચવા લાયક છે. આ પર્વ બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્ય સ્વામીની આરાધના નિમિત્તનું છે. પ્રત્યેક માસમાં આવતા આ નક્ષત્રને દિવસે ચોવિહારો ઉપવાસ કરી યથાશક્તિ પોસહ, પ્રતિક્રમણ, પ્રભુપૂજન વિગેરે કરવાથી આ તપ સર્વ પ્રકારની ઋદ્ધિ સમૃદ્ધિ આપનાર, સુખ સૌભાગ્ય આપનાર અને અંતે મોક્ષ આપનાર થાય છે. વાસુપૂજ્ય સ્વામીના પુત્ર મઘવા રાજા ચંપા નગરીમાં રાજ્ય કરતા હતા. તેમની પુત્રી રોહિણી, કે જેનો અશોકકુમાર સાથે વિવાહ કર્યો હતો તે આગલા ભવમાં અને આ ભવમાં આ પર્વની આરાધના કરવાથી સુખી થઇ હતી. આગલા ભવમાં દુષ્કર્મના યોગથી તે દુર્ગંધા થઇ હતી અને જેની સાથે તેના વિવાહ મેળવતા તે તેને છોડીને ચાલ્યા જતા હતા. મુનિ મહારાજના ઉપદેશથી તેણે રોહિણી તપ કર્યો, તેથી તે રાજાની પટ્ટરાણી થઇ અને સ્વર્ગમાં સુખ ભોગવી ત્રીજા ભવમાં રોહિણી થઇ. 'દુઃખ શું ?' તેની તો તેને ખબરજ નહોતી. એક શ્રેષ્ઠિના પુત્રનું મૃત્યુ દેખીને તેણે સ્વપતિને પૂછ્યું કે—"વ્હાલા ! આ નાટક કેવું છે ?" તેને દુઃખ શું તે સમજાવવા તેના પતિએ તેના ઉત્સંગમાં રહેલા પુત્રને ગોખમાંથી નીચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાખ્યો. દુઃખ નહિ સમજનાર રોહિણીએ તેથી પણ કાંઇ લાગણી થઇ નહિ; તેની તપસ્યાના પ્રભાવથી શાસનદેવતાએ તે પુત્રને પડતોજ ઝીલી લીધો અને અખંડ તેની પાસે લાવીને મૂક્યો. પછી વિધિપૂર્વક આ પર્વ આરાધી ગુરૂમહારાજ પાસે ચારિત્ર અંગીકાર કરી તે મોક્ષે ગયા. આ પર્વનું આરાધન આલોકની અપેક્ષાએ પણ આવું ઉત્તમ સુખ આપનાર-સુખ સૌભાગ્યની વૃદ્ધિ કરનાર છે, પરલોકમાં સ્વર્ગ અને અનુક્રમે મોક્ષ સુખ આપનાર હોવાથી આ પર્વ ખાસ આરાધવા લાયક છે. ચતુર્વિધ આહારના ત્યાગ સાથે આ પર્વ આરાધતાં અને તે દિવસે યથાશક્તિ અન્ય ધર્મકાર્યો આચરતાં મહિનામાં એક દિવસ તો આપણો ઉત્તમ કરણીમાં પસાર થાય છે. હિસાબમાં ગુમાસ્તા જેમ દિવસોમાં એક દિવસ તો ગણત્રીની પરિપાટીમાં આવે છે. મનુષ્યનું આ ટુંકું આયુષ્ય પાણીના રેલાની માફક શિઘ્ર ગતિથી ચાલ્યું જાય છે. વ્યવહાર-સંસારના કાર્યથી ચાલતા દિવસોની ખબર પડતી નથી. તેમાં ધર્મકરણી કરવામાં જેટલો સમય જાય તેટલોજ ઉપયોગી-ગણત્રીનો છે, બાકી સંસારની ખટપટ-ઉપાધિ આખાય તો જીવન પર્યંત છોડી શકાતી નથી-છોડવા માટે તેનાથી પણ એકાએક છુટતી નથી, તો પછી તેમાં રચ્યા પચ્યા રહેનારની તો વાતજ શી કરવી? વિચારવંત પુરૂષે સંસારનાટકમાં અનુભવાતા વિચિત્ર વેશો જોઇ બહુ વિચારવાની-સમજવાની અને ચેતવાની જરૂર છે. તોજ 'ચેતતો નર સદા સુખી' એ કહેવત સાચી અને ઉપયોગી થશે.

* * * * *

ઘણી વખત અમોને પૂછવામાં આવે છે કે-" મૃત્યુ સમયે જે શુભ નિમિત્તમાં રકમ કાઢવામાં આવે છે તેનું સ્વામીવાત્સલ્ય વાસ્તે અગર તળાટીએ ભાતું અપાય તેનો ઉપયોગ કરવાથી શુભ ખાતાનું ખાવાનો દોષ આવે ખરો કે નહિ? " અમે સ્પષ્ટ કહીશું કે જે કાંઇ રકમ શુભ નિમિત્તે વાપરવાનો નિર્ણય થયો હોય તેનો લાભ લેવામાં કોઇ પણ જાતનો બાધ નથી. જો તેણે સમયે અમુક બાબતનો નિર્ણય કરીને તે રકમ કાઢેલ હોય તો તે તે સ્થળે જે બાબતમાં વાપરવાની કહી હોય તે સ્થળેજ તે બાબતમાં પાછળના માણસોએ તે રકમ વાપરવી જોઇએ-તેમાં ફેરફાર કરે તો ફેરફાર કરનાર દોષનો ભાગી થાય છે; બાકી સામાન્ય રીતે જે રકમ ખર્ચવાની કહેલી હોય તે રકમ કોઇ પણ શુભ કાર્યમાં-શ્રેય કાર્યમાં વાપરવામાં જરા પણ વાંધા જેવું નથી. સ્વામીવાત્સલ્ય અને તળાટીએ ભાતું વહેંચવું વિગેરે [illegible]ત્તમ-શુભ કાર્યો છે, અને સ્વામીબંધુના ભક્તિનાં નિમિત્તો છે, તેથી તે રસ્તે [illegible]ાય કરનારને અગર તેનો લાભ લેનારને જરા પણ શંકા કરવા જેવું નથી, અથવા [illegible]ો ઉપયોગ કરતાં દોષના ભાગી થયું તેમ વિચારવા જેવું નથી. વાપરનારે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રકમ કયે સ્થળે વાપરવી તેનો વિચાર કરવાની જરૂર છે, પણ તે વાપરનારનો નિર્ણય અમુક લાઇનમાં થયા પછી ઉપભોગ લેનારને તેમાં કાંઇ પણ દોષ થતો હોય તેમ અમને લાગતું નથી. મોટી રકમ હોય તો સમયને અનુકૂળ વિચાર કરી સીદાતા ક્ષેત્રોમાં તે રકમ વાપરવી યોગ્ય છે એવો વાપરનારે વિચાર કરવા જેવું છે. અત્યારે-આ સમયે કેવી જરૂરી બાબત છે, કયે સ્થળે વાપરવાથી વાપરેલ રકમનો વિશેષ સદ્વ્યય થશે તે વાપરનારે વિચાર કરવાનો છે. પણ વાપરનારનો નિર્ણય સ્વામીવાત્સલ્યમાં અગર અન્ય તેવા ક્ષેત્રોમાં વાપરવાનો થાય તો પ્રથમથી તે બાબતનો-વાપરવાના સ્થળનો નિર્ણય થયેલો નહિ હોવાથી તેનો ઉપભોગ કરનારને ધાર્મિક દૃષ્ટિએ કાંઇ પણ દોષ હોય તેમ અમને જણાતું નથી.

* * * * *

જમાનાને અંગે કેવી જરૂરીઆત છે, કયે સ્થળે ધનવ્યય કરવાથી કોમનો વિશેષ ઉદય થશે, કયે રસ્તે ધનવ્યય કરવાથી સદ્વ્યય વિશેષ ફળિભૂત થયેલો દેખાશે તે બાબતનો તો દરેક જૈનબંધુએ વિચાર કરવાની જરૂર છે. જૈન કોમમાં ધનવ્યય ઘણો થાય છે અને તે સમયાનુસાર યોગ્ય રસ્તે થાય તો વિશેષ હિતાવહ થાય તે બાબતમાં જરા પણ શંકા રાખવા જેવું નથી, પણ કેવે રસ્તે ધનવ્યય કરવો તે ધનવ્યય કરનારની ઇચ્છા ઉપર આધાર રાખે છે. આવી રીતે ધનવ્યય કરનાર ઉપર કેટલીક વખત ન છાજતી ટીકા થાય છે ત્યારે લાગણીવાળા જૈનબંધુનું હૃદય ખેદાયા વગર રહેતું નથી. સમયાનુકૂળ વિચાર કરવો તે ઠીક જ છે, પણ તેનાથી તેમ ઠરતું નથી કે ઇચ્છાનુસાર દ્રવ્યવ્યય કરનાર નકામો સખ્ત ટીકાને પાત્ર છે. કોઇ બાબત પોતાને અનુકૂળ લાગતી ન હોય, તો તે બાબત ઉપર વિચાર દેખાડવા, ચર્ચા કરવી, પણ ન છાજતી ભાષામાં ટીકા કરવા મંડી પડવું, વાપરનારા ઉપર આક્ષેપો કરવા તે પદ્ધતિ તો અમને બીલકુલ યોગ્ય લાગતી નથી. વાપરનાર દ્રવ્ય વ્યય કરે, ઉપયોગ કરનારા તેનો લાભ લે અને ટીકા કરીને ટીકા કરનારા નકામા પાપના ભાગીદાર થાય એમ શા માટે થવું જોઇએ? તેનો વિચાર કરવાની ખાસ જરૂર છે. ઉત્તમ કાર્યમાં ધન વ્યય તે તો સર્વદા શ્રેષ્ઠ જ છે, પછી તે સમયાનુકૂળ ન દેખાય તો પોતાને દ્રવ્ય વ્યય કરવો હોય તે પ્રસંગે વિચાર કરવો, બની શકે તો અન્ય વાપરનારને સમજાવવાની પ્રવૃત્તિ કરવી, પણ નકામી ટીકા કરી જૈન ધર્મનાં ઉપયોગી ક્ષેત્રોને નિંદી પોતે પાપના ભાગીદાર નજ બનવું તે ઉત્તમ છે. વાંચનાર બંધુઓને અમારી ખાસ ભલામણ છે કે આપને દ્રવ્ય વ્યયનો પ્રસંગ આવે ત્યારે સમયને વિચારી તમારા મનની અનુકૂળતા જ્યાં થાય-વધે તેવે સ્થળે ધન વ્યય કરશો, પણ બીજા ધન વ્યય કરતાં હોય ત્યારે તો તે કાર્યને પ્રશંસી તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુન્યમાં ભાગીદાર બનો અને જ પ્રયત્ન કરજો. જો તમને તેની લાઇન પસંદ ન હોય તો શાંતિ ધારણ કરી બેસી રહેજો, પણ નકામી ટીકા—કે આક્ષેપો કરી, કે જેમ કરવાની ઘણા જૈનબંધુઓને ટેવ પડી ગઈ હોય તેમ દેખાય છે તે પ્રમાણે તમે વર્તીને પાપના ભાગીદાર ન થશો [illegible]. કેટલાક સત્કાર્યોનો આનંદ—કેટલાક સ્થળે કરેલ ધન વ્યયનો પુન્ય પ્રભાવ તે તે સ્થિતિ અનુભવતી વખતે જ દૃશ્યમાન થાય છે, અને તેની સ્થિતિમાં [illegible] કરનારા મૂંઝાય તો અમુક સમયે તેઓને પણ વિચારોમાં ફેરફાર કરવાની જરૂર પડે છે એમ અનુભવાય છે.

## ભાઈ મોતીચંદ ઉજમશીનું અત્યંત ખેદકારક મૃત્યુ.

આ બંધુ મૂળ વડાલીના પરંતુ ઘણું ખરું ભાવનગર નિવાસી હતા. આ સભાના મૂળ ઉત્પાદક મનુષ્યો પૈકીના હતા. સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવનારા હતા. સભાના કાર્યોની ઉન્નતિ ઇચ્છનારા હતા. સભાને માલેકીનું મકાન હોવું જોઈએ તેને માટે પૂરતી કાળજીવાળા હતા. ઘરના સામાન્ય રીતે સુખી હતા. સંતોષી હતા. આનંદી હતા. બીજાઓને આનંદ ઉપજાવે તેવી ટેવવાળા હતા. તેઓ સુમારે છ મહિનાથી તબીયતમાં હેરાન હતા; પરંતુ પ્રકૃતિમાં શાંતવૃત્તિવાળા હતા. ધર્મકાર્યની પ્રવૃત્તિવાળા હતા. ભાવનગરમાં આવેલા ગોડીજીના દેરાસરમાં ચાલતા કામકાજની દેખરેખ રાખનારા હતા. નામાઠામામાં હુશીયાર હતા. ધાર્મિક અભ્યાસ સાધારણ હતો; પરંતુ ધર્મ ઉપર રુચિ ઘણું સારી હતી. ગાનતાનના શોખીન હતા. જિનેશ્વર પાસે પૂજા ભણાવવાના—ગાવાના રસીયા હતા. તે નિમિત્તે બંધાયેલી ટોળીના પણ આગેવાન હતા.

એઓ પોતાની ૫૨ વર્ષની વયે ચાલતા માસની શુદિ ૨ ની રાત્રિએ આ અસાર દેહ છોડી ગયા છે. છેવટ સુધી પરમાત્માના નામનું સ્મરણ કર્યું હતું. એમનો અભાવ થવાથી સભાનો એક ઉપયોગી અને લાગણીવાળો સભાસદ ખોયો છે. તેમની ખામી પુરાવી મુશ્કેલ છે. પાંચ વરસથી સભાના લાઇફ મેમ્બર પણ થયા હતા. અમે એમની પાછળ રહેલ તેમના ધર્મપત્નીને તથા નાની પુત્રીને દીલાસો આપીએ છીએ અને એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

સભા પ્રત્યે અંતઃકરણની લાગણી ધરાવનાર મેમ્બરો તેની વર્ષગાંઠને દિવસેજ સ્વર્ગવાસી થયાનું પ્રથમ શેઠ ત્રિભુવનદાસ ભાણજીએ અને પછી આ બંધુએ તાવા પ્રાંતે પણ પોતાની લાગણી પ્રદર્શિત કરી દેખાડી છે.

For Private And Personal Use Only